કેસ દાખલ તારીખ	૧૨–૦૫–૨૦૨૩
કેસ રજીસ્ટર્ડ તારીખ	૧૨–૦૫–૨૦૨૩
કેસ ફેસલ તારીખ	૧૭– ૦૬–૨૦૨૬
સમયગાળો	૦૩ વર્ષ,૦૧ માસ,૦૫ દિન

વાલીયાના પ્રિન્સીપાલ જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ ની કોર્ટમાં, મુ.વાલીયા.

ક્રિ.કે.નં.૬૯૧/૨૦૨૩

આંક : ૮૬

ફરીયાદી : ઈકબાલ મહમદ ટેલર
ઉ.વ.આ.૫૦, ધર્મે–મુસ્લિમ,ધંધો: ખેતી
રહે: કોંઢ,તા.વાલીયા, જી.ભરૂચ

–:: વિરૂધ્ધ ::–

આરોપી : જુબેર અહમદ સઈદ લુલાત
ઉ.વ.આ.૪૮, ધર્મે–મુસ્લિમ,ધંધો–વેપાર
રહે: લુલાત ફળીયુ,કપોદ્રા,તા–અંકલેશ્વર,જી–ભરૂચ.

ગુન્હો:– <u>ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ:૧૩૮ મુજબ</u>

ફરિયાદ પક્ષ તરફે : વિધ્વાન વકીલશ્રી એસ.ડી.કાદરી
આરોપી પક્ષ તરફે : વિધ્વાન વકીલ શ્રી જે.ટી.વાસંદીયા

// ઠરાવ //

(૧.૧)ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, અમો ફરીયાદી ઉપર જણાવેલ સરનામે રહીએ છીએ. આ કામના આરોપી અમો ફરીયાદ ના સમાજના તથા નમજીકના ગામના હોય અમારા મિત્ર થાય છે અને એક બીજાને સારી રીતે ઓળખીયે છીએ. અમો ફરીયાદી મોજે કોઢ ,તા–વાલીયા, જી–ભરૂચ

મુકામે સર્વે નંબર-૯૪૬ તથા ૯૪૭ વાળી ખેતીની જમીન ધરાવતા હતા. આશરે બે વર્ષે પહેલા સદર જમીન મોજે સારંગપુર,તા-અંકલેશ્વર ,જી-ભરૂચ મુકામે રોયલ રેસીડેન્સી બનાવનાર ભાગીદારો યોન બીલડરોને વેચાણથી આપેલ જેના અવેજમા અમો ફરીયાદીને રોકડ રકમ તથા સદર રોયલ રેસીડેન્સી મા આવેલ એપાર્ટમેન્ટ મા પાંચ(૫) ફલેટ સી-૨૦૨ થી સી-૨૦૬ મળેલ હતા.

(૧.૧)આ કામના આરોપીઓ જમીન નો લે-વેચનો ધંધો કરતા હોય અને આ કામના આરોપી અમો ફરીયાદી પાસે મોજે-સારંગપુર,તા-અંકલેશ્વર,જી-ભરૂચ ખાતે રોયલ રેસીડેન્સી મા પાંચ(૫) ફલેટ છે.એવી જાણ થતા આ કામના આરોપી અમો ફરીયાદી પાસે આવેલા અને સદર પાંચ ફલેટ સારી કીમતમા વેચાવી આપવાની ખાત્રી અને પાકો વિશ્વાસ આપેલો. જેથી અમો ફરીયાદીને આ કામના આરોપી પર પુરો વિશ્વાસ અને ભરોસો હોવાથી સદર પાંચેય ફલેટ વેચાવી આપવાનુ કામ આ કામના આરોપીને સોપેલુ તે મુજબ આ કામના આરોપી અમો ફરીયાદીના સદર પાંચેય ફલેટ અલગ અલગ ઈસમોને વેચાણથી આપેલ અને સદર પાંચેય ફલેટના વેચાણની અવેજની રકમ રૂ ૨૮,૦૦,૦૦૦/- અંકે રૂપિયા અઠ્યાવીસ લાખ પુરા આ કામના આરોપીએ મેળવેલા અને તેઓએ સદર પાંચેય ફલેટ ના વેચાણની અવેજ ની રકમ ના બદલામા અમો ફરીયાદીને નવસર્જન ઈન્ડસ્ટ્રીઝ કો.ઓ. બેંક લી અંકલેશ્વર શાખાના રૂ ૨૮,૦૦,૦૦૦/- અંકે રૂપિયા અઠીયાવીસ લાખ ના નીચેની વિગતો ના ચેકો આપેલા.

અનક્રમ નંબર	ચેક નંબર	બેંકનુ નામ	રકમ રૂ	ચેક નીતારીખ
૦૧	૦૦૦૦૪૯	નવસર્જેન ઈ.કો.ઓ.બેંક લી.	૩૦૦,૦૦૦/–	૧૮/૧૦/૨૦૨૨
૦૨	૦૦૦૦૫૧	નવસર્જેન ઈ.કો.ઓ.બેંક લી.	૧૦,૦૦,૦૦૦/–	૦૮/૧૨/૨૦૨૨
૦૩	૦૦૦૦૫૫	નવસર્જેન ઈ.કો.ઓ.બેંક લી.	૧૦,૦૦,૦૦૦/–	૧૮/૧૨/૨૦૨૨
૦૪	૦૦૦૦૫૬	નવસર્જેન ઈ.કો.ઓ.બેંક લી.	૫,૦૦,૦૦૦/–	૨૮/૧૨/૨૦૨૨

(૧.૨) આમ, આ કામના આરોપીએ મોજે સાંરગપુર,તા–અંકલેશ્વર,ભરૂચ મુકામે આવેલ રોયલ રેસીડેન્સી મા આવેલ ફ્લેટ નંબર–સી–૨૦૨ થી સી–૨૦૬ । વેચાણની અવેજ રકમ રૂ ૨૮,૦૦,૦૦૦/– અંકે રૂપિયા અઠીયાવીસ લાખ ના ઉપર મુબજના ચાર ચેક તેઓએ અમો ફરીયાદીન ઈકબાલ મહમદ ટેલર ના નામના લખી તેઓની સહી કરીને આપેલા અને જણાવેલ કે ચેક પર લખેલ તારીખના રોજ કે ત્યાર પછીની કોઈ પણ તારીખમા આ ચેક તમારા ખાતામા કલીયરીંગ માટે નાખશો એટલે ચેકની રકમ તમારા ખાતામા ચોકકસથી જમા થઈ જશે. એવો પાકો વિશ્વાસ અને ભરોસો તેઓએ અમો ફરીયાદીને આપેલ. તેમજ તે બાબતે આ કામના આરોપીએ અમો ફરીયાદીને તા ૦૨/૧૨/૨૦૨૨ ના રોજનો મીલકતના બાકી નાણા અંગેનો નોટરી રૂબરૂ કરાર પણ કરી

આપેલો છે તેમજ અમો ફરીયાદીએ તા ૦૫/૦૨/૨૦૨૩ ના રોજ સદર કરાર ના આધારે ડી.અસ.પી. ઓફીસ ક્રાઈમ શાખા ભરૂચ ખાતે આ કામના આરોપી વિરૂધ્ધ ફરીયાદ પણ આપેલ હતી.

(૧.૩) આ કામના આરોપી ના કહેવા પર ભરોશો રાખી ને અમો ફરીયાદીએ તેઓએ આપેલ ચેક નંબર–૦૦૦૦૪૯ નો રૂ ૩,૦૦,૦૦૦/– તા ૧૮/૧૦/૨૦૨૨ ના રોજ નો ચેક અમારી બેંક બેંક ઓફ બરોડા કોંઢ શાખામા કલીયરન્સ માટે તા ૧૮/૧૦/૨૦૨૨ ના રોજ નાખેલો.પરંતુ સદર ચેક તા ૨૫/૧૦/૨૦૨૨ ના રોજ ચેક રીટૅન મેમાના "ફંડ ઈનસફીશીયેન્ટ" ના શેરા સાથે કલીયરન્સ થયા વગર પરત આવેલ હતો. જે વાત ની આ કામના આરોપીને અમો ફરીયાદીએ જાણ કરેલી જે રૂ ૩૦૦,૦૦૦/– અંકે રૂપિયા ત્રણ લાખ પુરા તેઓએ તા ૧૩/૦૨/૨૦૨૩ ના રોજ અમારા એચ.ડી.એફ.સી બેંકા ખાતામા જમા કરાવીને પરત ચુકવી આપેલ છે. તથા ચેક નંબર–૦૦૦૦૫૧ નો રૂ ૧૦,૦૦,૦૦૦/– તા ૦૮/૧૨/૨૦૨૨ ના રોજનો ચેક, ચેક નંબર–૦૦૦૦૫૫ નો ચેક રૂ ૧૦,૦૦,૦૦૦/– તા ૧૮/૧૨/૨૦૨૨ ના રોજનો ચેક તથા ચેક નંબર–૦૦૦૦૫૬ નો ૫૦૦,૦૦૦/– તા ૨૮/૧૨/૨૦૨૨ ના રોજનો ચેક અમો ફરીયાદીએ અમારી બેંક બેંક ઓફ બરોડા , કોંઢ શાખામા કલીયરન્સ માટે તા ૦૬/૦૨/૨૦૨૩ ના રોજ ત્રણેય ચેકો નાખેલા,પરંતુ સદર ત્રણેય ચેકો તા ૦૬/૨/૨૦૨૩ ના રોજ ચેક રીટૅન મેમાના ફંડ ઈનશફીશીયેન્ટ ના શેરા સાથે કલીયરન્સ થયા વગર પરત આવેલ છે. જે વાતની આ કામના આરોપીને અમો ફરીયાદીએ જાણ કરેલી. જેથી તેઓએ અમો ફરીયાદીને તા ૨૪/૦૨/૨૦૨૩ ના રોજ આ કામના

આરોપીએ રૂ ૧,૫૦,૦૦૦/– ઓનલાઈન અમારા બેંક ના ખાતામા ટ્રાન્સફર કરી આપેલા અને બાકીની રકમ વહેલી તકે ચુકવી આપવા જણાવેલ.

(૧.૪) ત્યારબાદ અમો ફરીયાદીએ આ કામના આરોપીને ઘણીવાર રૂબરૂ મળી તેમજ ટેલીફોનીક રીતે અમારા બાકીના નાણા ચુકવી આપવા જણાવેલ, પરંતુ આ કામના આરોપી એ અમો ફરીયાદીને વાયદાઓ કરેલા અને અમો ફરીયાદીને જણાવેલ કે તમો ફરી વાર ત્રણે ચેકો માર્ચ–૨૦૨૩ થી ૧૦ મી તારીખે અથવા ત્યાર બાદ ગમે ત્યારે તમારા ખાતામા કલીયરન્સ માટે નાખશો તો તમારા બધા નાણા તમોને મળી જશે. જેથી અમો ફરીયાદીએ આ કામના આરોપી પર ફરી વાર ભરોશો કરી ચેક નંબર–૦૦૦૦૫૧ નો રૂ ૧૦,૦૦,૦૦૦/– તા ૦૮/૧૨/૨૦૨૨ ના રોજનો ચેક અમારી બેંક બેંક ઓફ બરોડા ,કોઢ શાખામા કલીયરન્સ માટે તા ૧૦/૦૩/૨૦૨૩ ના રોજ નાખેલો.પરંતુ સદર ચેક તા ૧૦/૦૩/૨૦૨૩ ના રોજ ચેક રીર્ટન મેમાના આઉટ ડેટેડ ચેક ના શેરા સાથે કલીયરન્સ થયા વગર પરત આવેલ છે.તથા બાકીનો બે ચેકો ચેક નંબર–૦૦૦૦૫૫ નો રૂ ૧૦,૦૦,૦૦૦/– તા ૧૮/૧૨/૨૦૨૨ ના રોજનો ચેક તથા ચેક નંબર ૦૦૦૦૫૬ નો રૂ ૫૦૦,૦૦૦/– તા ૨૮/૧૨/૨૦૨૨ ના રોજનો અમો ફરીયાદીની બેક બેંક ઓફ બરોડા ,કોંઢ શાખામા કલીયરન્સ માટે તા ૧૩/૦૩/૨૦૨૩ ના રોજ બંને ચેકો નાખેલા.પરંતુ સદર ચેકો તા ૧૩/૦૩/૨૦૨૩ ના રોજ ચેક રીર્ટન મેમાના ફંડ ઈનસફીશીયેન્ટ ના શેરા સાથે કલીયરન્સ થયા વગર પરત આવેલ છે. જે વાતની આ કામના આરોપીને અમો ફરીયાદીને જાણ કરેલી. જેથી આ કામના આરોપીએ અમો ફરીયાદીને તા ૧૯/૦૩/૨૦૨૩ ના રોજ તમોએ રૂ

૫૦,૦૦૦/– ઓનલાઈન અમો ફરીયાદીના બેંક ખાતામા ટ્રાન્સફર કરી આપેલા અને બાકીની રકમ વહેલી તકે તુકવી આપવા જણાવેલ.

(૧.૫) આમ, અમો ફરીયાદીને આ કામના આરોપી પાસેથ પાંચ ફ્લેટની અવેજની રકમ પેટે રૂ ૨૮,૦૦,૦૦૦/– લેવાના હતા. જેના બદલામા આ કામના આરોપીએ અમો ફરીયાદીને આપેલ તમામ ચેકો રીટૅન થયા બાદ આ કામના આરોપીએ અમો ફરીયાદીને તુટક તુટક કરી આજ દીન સુધીમા રૂ ૫૦૦,૦૦૦/– અંક રૂપિયા પાંચ લાખ ચુકવી આપેલ છે અને અમો ફરીયાદીએ આ કામના આરોપી પાસેથી હજુ રૂ ૨૩,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ત્રેવીસ લાખ પુરા લેવાના બાકી છે.આમ અમો ફરીયાદીને આ કામના આરોપીએ આપેલ ઉપરોકત ચાર ચેકો પૈકી ચેક નંબર–૦૦૦૦૪૯ નો રૂ ૩૦૦,૦૦૦/– તા ૧૮/૧૨/૨૦૨૨ ના રોજ નો ચેક રીટૅન થયા બાદ તે ચેકના રૂ ૩૦૦,૦૦૦/– આ કામના આરોપીએ અમો ફરીયાદીને ચુકવી આપેલ છે. તથા બાકીના ત્રણ ચેકોની કુલ રકમ રૂ ૨૫,૦૦,૦૦૦/– માથી સદર ચેકો રીટૅન થયા બાદ એક વાર રૂ ૧,૫૦,૦૦૦/– અને બીજી વાર રૂ ૫૦,૦૦૦/– ચુકવી આપેલ છે. આમ આ કામના આરોપીએ આપેલ ત્રણ ચેકોમા જણાવેલ રકમ પૈકી રૂ ૨૩,૦૦,૦૦૦/– પુરાની રકમ અમો ફરીયાદીને મળી શકેલી નથી.

(૧.૬) આ કામના આરોપીના કહેવા પર ભરોસો રાખીને અમો ફરીયાદીએ આરોપી એ આપેલ ચેક નંબર–૦૦૦૦૫૧ નો રૂ ૧૦,૦૦,૦૦૦/– તા ૧૮/૧૨/૨૦૨૨ ના રોજનો ચેક અમારી બેંક બેંક આફ બરોડા ,કોંઢ શાખામા કલીયરન્સ માટે તા ૧૦/૦૩/૨૦૨૩ ના રોજ નાખેલા પરંતુ સદર ચેક ચમ ૧૦/૦૩/૨૦૨૩ ના રોજ ચેક રીટૅન મેમાના આઉટ ડેટેડ ચેક ના શેરા સાથે કલીયરન્સ થયા વગર પરત આવેલા છે. જે બાબત

અમો ફરીયાદી આ કામના આરોપી વિરૂધ્ધ અલગથી કાયદેસર ની કાર્યેવાહી કરવાના છે. તથા બાકીના બે ચેકો ચેક નંબર–૦૦૦૦૫૫ નો રૂ ૧૦,૦૦,૦૦૦/– તા ૧૮/૧૨/૨૦૨૨ ના રોજનો ચેક તથા ચેક નંબર ૦૦૦૫૬ નો રૂ ૫૦૦,૦૦૦/– તા ૨૮/૧૨/૨૦૨૨ ના રોજનો અમો ફરીયાદીની બેંક , બેક ઓફ બરોડા , કોંઢ શાખાના કલીયરન્સ માટે તા ૧૩/૦૩/૨૦૨૩ ના રોજ બંને ચેકો નાખેલા.પરંતુ સદર બંને ચેકો તા ૧૩/૦૩/૨૦૨૩ ના રોજ ચેક રીટૅન મેમાના" ફંડ ઈનસફીશીયેન્ટ" ના શેરા સાથે કલીયરન્સ થયા વગર પરત આવેલ છે અને અમો ફરીયાદીને ચેક મા જણાવેલ રકમ મળી શકેલ નહી. ત્યારબાદ સદર આરોપીને અમો ફરીયાદીના વકીલ મારફતે તા ૦૫/૦૪/૨૦૨૩ ના રોજની કાયદેસરની નોટીસ આર.પી.એ.ડી. થી મોકલેલ હતી. જે નોટીસ આરોપીને તા ૦૬/૦૪/૨૦૨૩ ના રોજ મળી ગયેલ હતી તેમ છતા સદર આરોપીએ અમો ફરીયાદીને ચેક ની રકમ ચુકવેલ નથી અને સદર નોટીસનો તદન ખોટો અને ઉડાઉ જવાબ આપેલ છે. જેથી કાયદા મુજબ આરોપીને નોટીસ મળયાના ૧૫ દીવસ એટલે કે તા ૨૦/૦૪/૨૦૨૩ બાદના ૩૦ દીવસ એટલે કે તા ૨૧/૦૪/૨૦૨૩ થી તા ૨૦/૦૫/૨૦૨૩ સુધીમા સમય મર્યોદામા સરદ ફરીયાદ કરેલ છે.

(૧.૭) સદર હકીકતોમા આ કામના આરોપીએ અમો ફરીયાદીને મોજે સાંરગપુર, તા–અંકલેશ્વર , જી–ભરૂચ ખાતે આવેલ રોયલ રેસીડેન્સી મા આવેલ ફલેટ નંબર–સી/૨૦૨ થી સી /૨૦૬ પાંચ ફલેટ અન્ય વ્યકિતીઓને વેચાણથી અપાવેલ અને તેના અવેજની રકમ પેટે મળેલ રૂ ૨૮૦૦,૦૦૦/– ની રકમ આ કામના આરોપીએ લીધેલી જે તેઓએ અમો ફરીયાદીને ચુકવવાની હતી જે રકમ સમયસર ચુકવી આપવાનો પાકો વિશ્વાસ અને ભરોસો આપી તેમ નહી

કરી અમો ફરીયાદી જોડે ઈ.પી.કો.ની કલમ ૪૦૬ મુજબનો ગુનો તથા સદર ફલેટોના અવેજની રકમ પૈકી બાકીની રકમ પેટે રૂ ૧૦,૦૦,૦૦૦/– નો ચેક તથા રૂ ૧૦,૦૦,૦૦૦/– નો બીજો ચેક તથા બીજો ચેક રૂ ૫૦૦,૦૦૦/– નો ચેક કુલ મળી રકમ રૂ ૨૫,૦૦,૦૦૦/– ના ત્રણ ચેકો અમો ફરીયાદીને આપેલા અને સદર ત્રણેય ચેકો અમારા અસીલ ની બેંકમા બે વાર કલીયરન્સ માટે આપતા સદર ચેકો બંને વખત રીટૅન થયેલ હોવાથી તેઓએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબનો સખત શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે.

મોજે સારંગપુર,તા–અંકલેશ્વર ,જી–ભરૂચ ખાતે આવેલ રોયલ રેસીડેન્સી મા આવેલ ફલેટ નંબર–સી/૨૦૨ થી 'સી/૨૦૬ પાંચ ફલેટ અન્ય વ્યકિતઓ ને વેચાણની અપાવેલા અને તેના અવેજની રકમ પેટે મળેલ રૂ ૨૮૦૦,૦૦૦/– ની રકમ આ કામના આરોપીએ લીધેલી. જે રકમ સમયસર ચુકવી આપવાનો પાકો વિશ્વાસ અને ભરોસો આપી, તેમ નહી કરી અમો ફરીયાદી જોડે સદર રકમ પૈકી પરત કરવા બદલ આપેલ ત્રણ ચેકો પૈકી બે ચેકો ચેક નંબર–૦૦૦૦૫૫ નો રૂ ૧૦,૦૦,૦૦૦/– તા ૧૮/૧૨/૨૦૨૨ ના રોજનો ચેક તથા ચેક નંબર ૦૦૦૦૫૬ નો રૂ ૫૦૦,૦૦૦/– તા ૨૮/૧૨/૨૦૨૨ ના રોજનો અમો ફરીયાદી ની બેંક બેંક ઓફ બરોડા, કોંઢ શાખામા કલીયરન્સ માટે તા ૧૩/૦૩/૨૦૨૩ ના રોજ બંને ચેકો નાખેલા ,પરંતુ સદર બંને ચેકો તા ૧૩/૦૩/૨૦૨૩ ના રોજ ચેક રીટૅન મેમાના ફંડ ઈનસફીરીયેન્ટ ના શેરા થી રીટૅન થયેલ હોવાથી આ કામના આરોપીએ નગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબનો સખત શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે. જેથી ફરીયાદીએ આરોપી વિરુઘ્ધ નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ

આરોપી વિરુધ્ધ હાલની ફરીયાદ કરેલ છે અને આરોપીએ નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોઈ પકડી મંગાવી ગુનો સાબીત થયે આરોપીને સખત સજા તથા દંડ અને આરોપીને પેનલ્ટી કરવા અને પેનલ્ટી જમા થયે ફરીયાદીને વળતર અપાવવા અરજ કરેલ છે.

(૨) ફરિયાદીની સદર ફરિયાદ રજીસ્ટરે દાખલ કરી આરોપી સામે મારા પુરોગામી વિધ્વાન મેજીસ્ટ્રેટનાઓએ સદર ગુનાનો કોગ્નીઝન્સ લઈ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ પ્રોસેસનો હુકમ કરેલ. આરોપીને સમન્સની બજવણી થતાં કોર્ટ સમક્ષ હાજર થયેલા અને તેઓને ફરીયાદ સાથે ના દસ્તાવેજોની નકલ વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ. ત્યાર બાદ આંક–૨૦ થી આરોપીની પ્લી નોંધતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે પોતાનો પુરાવો રજુ કરેલ છે.

(૨.૧) આરોપી દવારા આંક–૨૧ થી જવાબ આપી જણાવેલ છે કે, ફરીયાદીએ અમોને ૦૫ ફલેટો બતાવીને અમારી પાસેથી રૂ ૫,૬૦,૦૦૦/– અવેજ પેટે લીધેલા ત્યારબાદ તા ૦૨/૧૨/૨૦૨૨ ના રોજ નુ અમો આરોપી પાસેથી ખોટુ સમજાવીને ૫ ફલેટોનુ ખોટુ લખાણ લખાવીને બળજવબરીથી ચેકો મેળવેલા અને ત્યારબાદ અમો આરોપી પાસેથી છેતરપીડી કરીને ધાકધમકી થી રૂ ૫,૬૦,૦૦૦/– ખોટી રીતે વંસુલ કરેલ છે અને સદર નાણા ફરીયાદએ પરત ન કરતા અમો આરોપીએ ફરીયાદી વિરૂધ્ધ મા તા ૨૫/૦૩/૨૦૨૩ ના રોજ અંકલેશ્વર રૂરલ પોલીસ સ્ટેશનમા આઈ.પી.સી. ની કલમ–૪૦૬,૪૨૦,૪૬૭,૪૬૮,૪૭૧ અને ૫૦૬(૨) મુજબની પોલીસ મા ફરીયાદ આપેલ છે. જેની ફરીયાદીને જાણ થતા ફરીયાદીએ અમો આરોપીને તા ૦૫/૦૪/૨૦૨૩ ના રોજ આઉટ ડેટેડ ચેક સહીત ચેકા રીટૅન ની ખોટી નોટીસ

અમારી ફરીયાદી વિરૂધ્ધ ની ફરીયાદ પાછી ખેચવાના એક ભાગરૂપે મોકલાવેલ હતી જે મુળભુત રીતે ખોટી અને ગેરકાયદેસરની હોય. તેવા સંજોગોમા તા ૦૫/૦૪/૨૦૨૩ ન રોજ ની ફરીયાદીની નોટીસના આધારે દાખલ કરવામા આવેલ ફરીયાદ તથા સરતપાસ મુળભુત રીતે ખોટી અને ગેરકાયદેસર ની છે.તેવા સંજોગોમા ફરીયાદ રદ થવા પાત્ર છે.

વધુમા ખરી હકીકતમા ફરીયાદી જે રોયલ રેસીડેન્સ ની ૫ ફલેટોની હકીકતો જણાવેલ છે તે હકીકતમા ફરીયાદીના હતા નહી તેમ છતા અમો આરોપી પાસેથી છેતરીને ખોટુ લખાણ કરીને રૂ ૫,૬૦,૦૦૦/- લઈ લીધેલા છે અને પાછળ થી આ ૫- ફલેટો અમોને ફરીયાદીએ વેચાણ માટે આપેલ નથી કે અમો આરોપીએ તે વેચેલ નથીઅને તેના અવેજના નાણા પણ અમો આરોપીએ સ્વીકારેલા નથી. જેથી રૂ ૨૮૦૦,૦૦૦/- ફરીયાદીને ચુકવવા નો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને તેથી ફરીયાદીએ અમો આરોપી પાસેથી લીધેલા ચેકો એવેજ વિનાના અને તેના ફરીયાદી લેણદાર નથી. તેવા સંજોગોમા ફરીયાદી સદર ચેકોના નેગોશીએબલ એકટ ની કલમ-૯ મુબજના કાયદેસરના હોલ્ડર ઈન ડયુકોર્સ નથી અને સદર ચેકો ફરીયાદીના કાયદેસર ના લેણા પેટેના નથી જેથી તે ચેકો તથા અમો આરોપી પાસેથી લીધેલ રૂ ૫,૬૦,૦૦૦/- પરત આપવા ન પડે તે માટેની હાલની ખોટી ફરીયાદ આપેલી છે. આથી ફરીયાદીની ફરીયાદ રક કરવા જણાવેલ છે.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

-:: **<u>મૌખિક પુરાવો::-</u>**

અ.નં.	આંક	વિગત
૧	૦૪	ફરીયાદી ઈકબાલ મહમદ ટેલરની સરતપાસનું સોગંદનામું

–:: દસ્તાવેજી પુરાવો ::–

અ.નં.	આંક	વિગત
૧	૦૮	ચેક નંબર–૦૦૦૦૫૫
૨	૦૯	ચેક નંબર–૦૦૦૦૫૫ નો તા ૦૬/૦૨/૨૩ નો રીટૅન મેમો.
૩	૧૦	ચેક નંબર–૦૦૦૦૫૫ નો તા ૧૩/૦૩/૨૦૨૩ નો રીટૅન મેમો
૪	૧૧	ચેક નંબર–૦૦૦૦૫૬
૫	૧૨	ચેક નંબર–૦૦૦૦૫૬ નો તા ૦૬/૦૨/૨૩ નો રીટૅન મેમો.
૬	૧૩	ચેક નંબર–૦૦૦૦૫૬ નો તા ૧૩/૦૩/૨૩ નો રીટૅન મેમો.
૭	૧૪	ફરીયાદીના વકીલ શ્રી દવારા આરોપીને આપેલ નોટીસ
૮	૧૫	નોટીસ મોકલ્યાની રીસીપ્ટ
૯	૧૬	નોટીસ બજયાની એકનોલેજમેન્ટ
૧૦	૧૭	આરોપી દવારા આપેલ ફરીયાદીની નોટીસનો જવાબ
૧૧	૧૮	આરોપી અને ફરીયાદી વચ્ચે થયેલ કરાર
૧૨	૧૯	ફરીયાદી દવારા આરોપી વિરૂધ્ધ કરેલ ફરીયાદ

આ કામે ફરિયાદીએ વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવો ન હોય આંક–૫૫ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આ કામના આરોપીનું ક્રિ.પ્રો.કો.ની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નીવેદન નોંધવમાં આવ્યુ.

(૪) સદરહુ ફરીયાદના કામમાં ફરીયાદીના વિધ્વાન વકીલ શ્રીએ આંક–૮૪ થી લેખિત મા દલીલો આપેલ છે જે નામદાર કોર્ટે દવારા વંચાણે લેવામા આવેલ છે. તથા તેમના કેસના સમથૅન મા નીચે મુજબનો ચુકાદા રજુ કરેલ છે.

(૧) K.N.Bina V/s Muniappa 2001 law suit (SC) 1405,

(૨) Krishnaraw Vs Sankar goda, CRMA NO-803/2018,

(૩)Rangappa Vs Mohan CRMA no 1020/2010

(૫) આરોપી દવારા નીચે મુબજના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ છે.

–:: <u>મૌખિક પુરાવો::–</u>

અ.નં.	આંક	વિગત
૧	૫૮	આરોપી ઝુબેર અહમદ સહીદ લુલાત ની સરતપાસનું સોગંદનામું

<u>–:: દસ્તાવેજી પુરાવો ::–</u>

અ.નં.	આંક	વિગત
૧	૭૨	સર્વે નંબર–૯૪૬ નો ગામ નમુના નંબર–૭ નો ઉતારો
૨	૭૩	સર્વે નંબર–૯૪૬ નો ગામ નમુના નંબર–૧૨ નો ઉતારા .
૩	૭૪	નોધ નંબર–૫૮૩૧
૪	૭૫	સર્વે નંબર–૯૪૭ નો ગામ નમુના નંબર–૭ નો ઉતારો
૫	૭૬	સર્વે નંબર–૯૪૬ નો ગામ નમુના નંબર–૧૨ નો ઉતારો
૬	૭૭	નોધ નંબર–૫૮૩૦
૭	૭૮	અનુક્રમ નબંર–૨ નો ઉતારો
૮	૭૯	અનુક્રમ નંબર–૨ નો ઉતારો
૯	૮૦	અનુક્રમ નંબર–૨ નોઉતારો

આરોપી દવારા આંક–૮૧ થી કલોજીગ પુરસીસ રજુ કરેલ છે. ત્યારબાદ અરોપી દવારા આંક–૮૫ થી લેખિત દલીલો રજુ કરવામા આવેલ છે જે નામદાર કોર્ટે દવારા વંચાણે લીધેલ છે.

(૬) ફરીયાદીની ફરીયાદ હકીકત, ફરીયાદના કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી–પુરાવો, ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ તથા બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતા સદરહુ ફરીયાદના ન્યાય નિર્ણય માટે નિચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.:–

–:: મુદ્દા ઓ ::–

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદવાળો ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણી પેટે ફરીયાદીને લખી આપેલ જે નિયમ સમયમાં વટાવવા ફરીયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં વગર સ્વિકારાયે પરત ફરેલ, જેને નિયત સમયમાં પોષ્ટ મારફતે કાયદેસરની નોટીસ આરોપી ને મોકલાવેલ, જે મળવા છતાં આરોપીએ નોટીસનો અમલ ન કરી ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદીને ન ચૂકવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ સજા ને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના કોર્ટના ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમા
(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દાઓના ન્યાયિક નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

–:: કા ર ણો ::–

(૮) ભારતીય પુરાવા અધિનિયમ અનુસાર જે પક્ષકારો જે તે હકીકત સાથે કોર્ટ સમક્ષ આવેલ હોય તે હકીકત પુરવાર કરવાની જવાબદારી જે તે પક્ષકારોના શીરે રહે છે.

ચેક પરત ફર્યાના કેસમાં પ્રાથમિક તબકકે ફરીયાદીએ પુરાવો આપવાનો હોય છે અને પુરાવો રજુ થયા બાદ ફરીયાદીની તરફેણમાં અધિનિયમની કલમ–૧૧૮ અને ૧૩૯ પ્રમાણેનું અનુમાન દોરવું પડે છે તે માટે સૌ પ્રથમ ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ –૧૩૮ના તત્વો પુરવાર થાય છે કે કેમ? તે ધ્યાને લેવું પડે. હાલના કેસમાં તહોમતદાર વિરૂધ્ધનો આક્ષેપ ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુના સંબંધનો મુકવામાં આવેલ છે. જેમાં સૌપ્રથમ ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ –૧૩૮ના તત્વો પુરવાર થાય છે કે કેમ? તે ધ્યાને લેવુ પડે .

<u>કલમ–૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર:</u>

સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક, એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણકે એ ખાતામાની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે, અથવા તો બેંક સાથે સમજૂતીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતાં વઘુ છે, ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓ ને બાધ ન આવે તેમ તેને ''બે વર્ષ'' સુધીની કેદની શિક્ષા, અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે.

પરંતુ એમ ઠરાવ્યુ છે કે..

(એ) જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત–એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંકમા રજુ કરવામાં આવ્યો ન હોય,

(બી) જયાં સુધી, તે ચેકનો પેઈ અથવા તો યથાક્રમધારક, જેમ હોય તેમ, તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેને માહીતી મળ્યાના 'ત્રીસ દિવસ'ની અંદર તે ચેકના લખનારને લેખીત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી, અને

(સી) જયાં સુધી, એવો ચેક લખનાર, ચેકનાં નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમધારકને, જેમ હોય તેમ, ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી, ત્યાં સુધી આ કલમમાંનુ કશું જ લાગુ પડશે નહીં.

ખુલાસો:**આ કલમના હેતુઓ માટે દેવું અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.**

આમ, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮નો ગુનો પુરવાર થવા માટે આવશ્યક શરતો નીચે મુજબ છે.

૧. ચેક પોતાની જવાબદારી પૂરી કરવા આપ્યો હોવો જોઈએ.

૨. ચેક અપૂરતા બેલેન્સને કારણે પરત આવ્યો હોવો જોઈએ.

૩. કલમ–૧૩૮માં જણાવ્યા મુજબ ચેક ધારણ કરનારે ચેક લખનારને ૩૦ દિવસમાં નોટીસ આપી હોવી જોઈએ.

૪. કલમ–૧૩૮માં જણાવ્યા મુજબ નોટીસ બજવાના ૧૫ દિવસોમાં ચેક લખનાર તે રકમ ચૂકવવામા નિષ્ફળ ગયો હોવો જોઈએ.

ઉપરોકત આવશ્યક તત્વો પૂર્ણ થાય તો ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો બન્યાનુ કહેવાય અને ત્યારબાદ ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૯ તથા કલમ–૧૧૮ મુજબનુ ધારકની તરફેણમાં અનુમાન થાય.

<u>કલમ–૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :</u>જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહીં ત્યા સુધી એમ અનુમાન કરવામાં આવશે, કે ચેકના ધારકે કલમ–૧૩૮માં જણાવેલ ચેક, કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારીને પૂરેપૂરી રીતે અથવા અંશત : દેવા માટે મેળવ્યો હતો.

નોંધ : પાછો ફરેલ એ વર્તમાન દેવું કે જવાબદારી પ્રત્યે હતો તેવું અનુમાન કરવામાં આવશે. એથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો એટલે કે આપેલો ચેક કોઈ દેવા પ્રત્યે કે જવાબદારી પ્રત્યે ન હતો એ ચેકના આપનાર ઉપર છે.

<u>કલમ–૧૧૮ વટાઉ ખત વિષે માની લેવાની બાબત :</u>

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામા આવશે :

(ક) **<u>અવેજ વિષે:</u>** દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય,

તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય , ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યું હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યું હતું.

(ખ) **<u>તારીખ વિષે:</u>** જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉ ખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

(ગ) **<u>સ્વીકારનાર સમય વિષે:</u>** સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

(ઘ) **<u>તબદીલીના સમય વિષે:</u>** કોઈ વટાઉખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

(ચ) **<u>શેરાઓના ક્રમ વિષે:</u>** કોઈ વટાવ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ) **<u>સ્ટેમ્પ વિષે:</u>** ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) <u>ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિષે:</u> કોઈ વટાઉ ખતનો ધારક છે યથાક્રમ ધારક છે એમ માની લેવુ સિવાય કે, તે ખત તેના કાયદેસર ના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી, અથવા

ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય. ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

(૯) સદરહુ કેસમાં આંક–૦૪ થી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૪૫ માં જણાવેલ જોગવાઈ અન્વયે સોગંદનામાના સ્વરૂપમાં ફરીયાદીનો મૌખીક પુરાવો રજુ કરેલ છે. આંક–૦૪ના ફરીયાદીની આરોપીના વિદવાન વકીલશ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. આંક–૦૪ ના ફરીયાદીનો મૌખિક પુરાવો ઘ્યાને લેતા ફરીયાદી આરોપી સાથે સારા સંબઘ ધરાવે છે અને આરોપી ઉપર પુરો ભરોસો હોય ફરીયાદીને હવાલામા મળેલ પાંચ ફલેટ સી/૨૦૨ થી સી/૨૦૬ ના આરોપીને વેચાણ માટે આપેલ જે આરોપીએ વેચાણ કરી તોૅ વેચાણની અવેન આરોપીએ પોતાની પાસે રાખેલ જે વેચાણ ની અવેજ રકમ ફરીયાદી દવારા માંગતા આરોપી દવારા ઉપરોકત ચેકો આપવામા આવેલ અને તેની સાથે આંક–'૧૮ નો નોટરી રૂબરૂ લખાણ આપવામા આવેલ જે પૈકી ચેક નંબર–૦૦૦૦૪૯ રૂ ૩૦૦,૦૦૦/–, ચેક નંબર–૦૦૦૦૫૧ રૂ ૧૦,૦૦,૦૦૦/– ચેક નંબર'–૦૦૦૦૫૫ રૂ ૧૦,૦૦,૦૦૦/– તથા ચેક નંબર–૦૦૦૦૫૬ રૂ ૫૦૦,૦૦૦/– આમ મળી કુલ રૂ ૨૮૦૦,૦૦૦/– ના ચેકો ફરીયાદી ને આપતા ફરીયાદી દવારા ચેક નંબર–૦૦૦૦૪૯ ગત તા ૧૮/૧૦/૨૦૨૨ ના રોજ ભરતા પરંતુ સદર ચેક તા ૨૫/૧૦/૨૦૨૨ ના રોજ રીટૅન મેમાના ફંડ ઈનશફીશીયેન્ટ ના શેરા સાથે કલીયરન્સ થયા વગર પરત ફરતા ફરીયાદીએ આરોપીનો સંપર્કૅ કરતા આરોપીઓ ચેક નંબર–૦૦૦૦૪૯ ના રૂ ૩૦૦,૦૦૦/– ગત તા ૧૩/૦૨/૨૦૨3 ના રોજ ફરીયાદી ના એચ.ડી.એફ.સી.બેંક ના ખાતામા જમા કરાવી દીઘેલ.ત્યારબાદ ફરીયાદી દવારા ચેક નંબર–૦૦૦૦૫૧ ગત તા ૮/૧૨/૨૦૨૨ ના રોજ તથા ચેક

નંબર–૦૦૦૦૫૫, ગત તા ૧૮/૧૨/૨૦૨૨ ના રોજ તથા ચેક નંબર–૦૦૦૦૫૬ ગત તા ૨૮/૧૨/૨૦૨૨ ના રોજ ફરીયાદીની બેંક બેંક ઓફ બરોડામા જમા કરાવતા સદર ત્રણેય ચેકો ગત તા ૦૬/૦૨/૨૦૨૩ ના રોજ ફંડ ઈનસફીશીયેન્ટ ના શેરા સાથે પરત થયેલ. જે અંગેની જાણ ફરીયાદીએ આરોપીને કરતા આરોપી દવારા રૂ ૧,૫૦,૦૦૦/– ફરીયાદીને ઓનલાઈન બેંક ખાતામા ટ્રાન્સફર કરી આપેલા અને બાકીની રકમ ચુકવી આપવા જણાવેલ અને ત્રણે ચેકો માર્ચ–૨૦૨૩ ની ૧૦ મી તારીખે અથવા ત્યારબાદ ગમે ત્યારે ભરશો તો કલીયર થઈ જશે તેવો આરોપી દવારા ફરીયાદીને વિશ્વાસ આપવામા આવેલ, તેથી ફરીયાદી દવારા ચેક નંબર–૦૦૦૦૫૧ રૂ ૧૦,૦૦,૦૦૦/– નો ચેક તા ૧૦/૦૩/૨૦૨૩ ના રોજ તેઓની બેંક બેંક ઓફ બરોડા મા કલીયર માટે નાખેલ પરંતુ સદર ચેકો ગત તા ૧૦/૦૩/૨૦૨૩ ના રોજ રીટેં મેમાના આઉટ ડેટેડ ચેક ના શેરા સાથે પરત આવેલ. ત્યારબાદ ફરીયાદી દવારા ચેક નંબર–૦૦૦૦૫૫ રૂ ૧૦,૦૦,૦૦૦/– તથા ચેક નંબર–૦૦૦૦૫૬ રૂ ૫૦૦,૦૦૦/– નો ગત તા ૧૩/૦૩/૨૦૨૩ ના રો તેઓની બેંક બેંક ઓફ બરોડાના શાખામા કલીયરીગ માટે નાખતા સદર ચેકો ગત તા ૧૩/૦૩/૨૦૨૩ ના રોજ ફંડ ઈનશફીશીયેન્ટ ના શેરા સાથે પરત આવેલ.જે અંગે ફરીયાદીએ આરોપીનાઓને જાણ કરતા આરોપી દવારા ફરીયાદીને ગત તા ૧૯/૦૩/૨૦૨૩ ના રોજ રૂ ૫૦,૦૦૦/– ઓનલાઈન ફરીયાદીના બેંક ખાતામા ટ્રાન્સફર કરી આપેલ. આમ ફરીયાદી ને આરોપી પાસે રૂ ૨૩,૦૦,૦૦૦/– નો કાયદેસર નો લેણો નીકળતે છે. વધુમા ફરીયાદી દવારા ચેક નંબર–૦૦૦૦૫૧ રૂ ૧૦,૦૦,૦૦૦/– નો ચેક ગત તા ૧૦/૦૩/૨૦૨૩ ના રોજ કલીયરીંગ માટે નાખતા સદર ચેક ગત તા ૧૦/૦૩/૨૦૨૩ ના રોજ આઉટ ડેટેડ ચેક ના શેરા સાથે પરત આવેલ.જેોઅંગેની

ફરીયાદ ફરીયાદી કરવાના છે. વધુમા ચેક નંબર–૦૦૦૦૫૫ અને ચેક નંબર–૦૦૦૦૫૬ ગત તા ૧૩/૦૩/૨૦23 ના રોજ ભરતા ફંડ ઈનશફીશીયેન્ટ ના શેરા સાથે પરત આવતા ફરીયાદી દવારા આરોપી ને ગત તા ૦૫/૦૪/૨૦23 ના રોજ લીગલ નોટીસ આપેલ જે નોટીસ આરોપીને ગત તા ૦૬/૦૪/૨૦23 ના રોજ બજી ગયેલ જેનો આરોપી દવારા ઉડાઉ જવાબ આપવામા આવેલ, ત્યારબાદ ફરીયાદી દવારા ગત તા ૧૫/૦૫/૨૦23 ના રોજ સદર ફરીયાદી કરેલ. આમ, ફરીયાદ વાળો આંક–૦૮ અને ૧૧ વાળા ચેકો રીર્ટન આવ્યા બાબતનો આંક– ૦૯,૧૦,૧૨,૧૩ વાળા રીર્ટન મેમો માં કરવામાં આવેલો ''ફંડ ઈનસફીશીયેન્ટ '' નો શેરો ધ્યાને લેતા ફરીયાદવાળો આંક–૦૮ અને ૧૧ વાળા ચેકમાં આરોપીએ સહી કરેલ છે તેવુ માનવાને કારણ રહે છે. જેથી કરી ને તેમણે તહોમતદારને તેમના વકીલશ્રી મારફત તા.૦૫/૦૪/ ૨૦23 ના રોજ રજી.એડી. મારફત સદરહુ ચેક રીર્ટન થયા અંગેની જાણ કરતી નોટીસ આપેલી. જે રજી.એડી. મારફત મોકલાવેલ નોટીસ તહોમતદારને મળી ગયેલ છે. જે નોટીશ આ કામે આંક–૧૪ આપવામાં આવેલ છે. આ તમામ ફરીયાદમાની ફરીયાદનું વર્ણન, ચેક, રીટર્ન મેમો, નોટીસ મોકલાવ્યાની પાવતીથી સર્મપીત છે. જેથી ધી નેગોશીયેબલ ઈન્સુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો પ્રથમ દર્શનીય રીતે બને છે. સદર ચેક ની તારીખ, ચેક પરત ઠરાવ્યાની તારીખ, નોટીસની તારીખ તથા જનરલ કલોઝીસ એટકની કલમ – ૨૭ ધ્યાને લેતા ધી નેગોશીયેબલ ઈન્સટુમેન્ટ એકટ ની કલમ– ૧૩૮ (એ)(બી)(સી) નું સંપૂર્ણ પાલન થયેલ છે તથા એકટની કલમ–૧૩૯ મુજબ અનુમાન હાલના કેસમાં લાગુ પડે છે અને તેથી આવો ચેક તેણે દેવા જવાબદારી પેટે આપવામાં આવેલ હશે તેવું અનુમાન કરવા પાત્ર રહેશે. એકટની કલમ–૧૧૮ ધ્યાને લેવામાં આવે તો જયાં સુધી વીપરીત

પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી દ્વારા અવેજ પેટે આપવામાં આવેલ તે ઉપર લખેલ તારીખે ચેક લખવામાં આવેલ તેવું અનુમાન તથા તે જ કલમમાં અન્ય અનુમાનો ફરિયાદીની તરફેણમાં કરવા પાત્ર થાય છે.

(૧૦) આરોપીપક્ષ તેમની વિરૂધ્ધના ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૯ અને ૧૧૮ મુજબના અનુમનોનું ખંડન કરતો પુરાવો રજુ ન કરે ત્યાં સુધી આરોપી વિરૂધ્ધ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો પુરવાર માનવાનું રહે છે. નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા **૨૦૦૯(૨) જી.એલ.આર. ૧૨૪૦, સુપ્રીમ કોર્ટ, મેસર્સ કુમાર એક્ષપોર્ટ વિ. શર્મા કાર્પેટસના** ચુકાદામાં પેરા–૧૧ માં અનુમાનો કયારે કરી શકાય અને તે અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપી કેવી રીતે નિભાવી શકે તે અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

> **para:11.**The use of the phrase "until the contrary is proved" in Sec.118 of the Act and use of the words "unless the contrary is proved" in Sec.139 of the Act read with definitions of "may presume" and "shall presume" as given in Sec.4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and **when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is**

over. The accused in a trial under Sec. 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. **To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial**. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the Court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. **To disprove the presumptions, the accused should bring on record such facts and**

circumstances,upon consideration of which,the Court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Sec.114 of the Evidence Act to rebut the presumptions arising under Secs.118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once, such rebuttal evidence is adduced and accepted by the Court, having regard to all the circumstances of the case and the

preponderance of probabilities, the evidential burden shifts back to the complainant,...

ઉપરોકત ચુકાદાને માનપૂર્વક વંચાણે લેતાં, અનુમાનોનું ખંડન કરી શકે તે મુજબનુ પ્રોબેબલ બચાવ કે જે બચાવ આધારે અનુમાનોનું ખંડન થાય છે તેવું માનવા સામાન્ય બુધ્ધિશાળી માણસ પ્રેરાય તેવો પુરાવો આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ છે કે કેમ? અથવા તેવો બચાવ આરોપીપક્ષે રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ? તે ધ્યાને લેવું પડે.

(૧૧) ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અને ૧૧૮ તથા ૧૩૯ બંનેની જોગવાઈઓ ધ્યાને લેતા જો વિરૂધ્ધનુ પુરવાર કરવામાં નહી આવે તો આરોપી એ આપેલ ચેક પોતાની કાયદેસરની જવાબદારી અદા કરવા માટે આપેલ છે તેવુ અનુમાન કરવાની જોગવાઈ છે પરંતુ આ અનુમાન કયાં સુધી થઈ શકે અને તેનો વ્યાપ કેટલો છે અને તેના ખંડનની જવાબદારી પણ કોની છે તે પણ સાથોસાથ જોવુ જરૂરી છે. ઉપર જણાવેલ નામદાર સુપ્રિમ કોર્ટની ઓથોરીટીની સાથેસાથે આજ સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલતના **AIR 2010 S.C. 1898**Dİ પ્રસિધ્ધ થયેલ **Rangappa V/S Mohan** આવેલ ચુકાદામાં પેરા–૧૪ ની અંદર નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત જો ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

14. In light of these extracts, we are in agreement with the respondent- claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent,

the impugned observations in Krishna Janardhan Bhat(supra) may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it was based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be not doubt that there is an initial presumption which favours the complainant. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of

reverse onus clauses and the accused / defendant cannot be expected to discharge an unduly high standard or proof. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139 the standard of proof for doing so is that of 'preponderance of probabilities'. There fore, it the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own.

આમ, ઉપરોકત ઉપર કરેલ જોગવાઈઓની અંદર નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અને એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ની જોગવાઈ ઓ ધ્યાને લેતા એવુ ફલીત થાય છે કે, એકટની કલમ–૧૩૮ની જોગવાઈ મુજબ આરોપી એ આપેલ ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા આપેલ છે તેવુ પ્રાથમિક અનુમાન થાય અને અનુમાનના ખંડનની જવાબદારી આરોપીના શિરે છે. આરોપી આ અનુમાનના ખંડન માટે પુરાવો આપી શકે અથવા ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવા પર આધાર

રાખી પોતાનો બચાવ રજુ કરી શકે. આરોપી એ પુરાવો આપવો આવશ્યક નથી. પરંતુ અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી આરોપી પર છે. આરોપી જો આ અનુમાનનુ ખંડન થાય તેવો પુરાવો કે હકીકત રેકર્ડ પર લાવી અનુમાનનુ ખંડન કરવામાં સફળ થતા આરોપીએ આપેલ ચેક તે કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપેલ છે અને દેવુ કાયદેસરનુ છે તેવી હકીકત શંકાથી પર અને કડિબધ્ધ રીતે સાબિત કરવાની જવાબદારી ફરીયાદપક્ષે ઉભી થાય છે. આરોપી એ અનુમાનનુ ખંડન શંકાથી પર અને કડીબધ્ધ રીતે કરવાનુ હોતુ નથી પણ તેણે એવા પ્રબળ સંજોગો અને સંભાવના (preponderance Probabilities) રેકર્ડ પર લાવવાના હોય છે. આ સાથે આરોપીને અન્ય કાયદાકીય જોગવાઈઓનો લાભ મળી શકે છે. આ કામે ઉપરોકત બંને જોગવાઈઓ અને નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાંના ઉપરોકત સિધ્ધાંતોને ધ્યાનમાં રાખી આ કામે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરવુ આવશ્યક છે.

(૧૨) ઉભય પક્ષોનીની દલીલો, ફરીયાદીનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો તથા બચાવપક્ષનો બચાવ તથા દસ્તાવેજી પુરાવો, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ તથા ઉપર જણાવેલ નામદાર વડી અદાલતના ચુકાદાઓમાં જણાવેલ સિધ્ધાંતો ધ્યાને લઈને, સદરહુ ફરીયાદના કામે રજુ થયેલ પુરાવા ની મુલવણી મુદા નં.–૧ ના ન્યાય નિર્ણય માટે નીચે મુજબ કરવામાં આવે છે.

(૧૩) સદરહુ કેસમાં આંક–૦૪ થી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૪૫ માં જણાવેલ જોગવાઈ અન્વયે સોગંદનામાના સ્વરૂપમાં ફરીયાદીનો મૌખીક પુરાવો રજુ કરેલ છે. આંક–૦૪ના ફરીયાદીની આરોપીના વિદવાન

વકીલશ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. આંક–૦૪ના ફરીયાદીનો મૌખિક પુરાવો ધ્યાને લેતા,ફરીયાદીએ સ્વીકારેલ છે કે .

સવાલ:– તમે કેટલુ ભણેલા છો?

જવાબ:–હુ ધોરણ ૧૦ સુધી ભણેલ છુ.

સવાલ:–તમે શુ કામ ધંધો કરો છો?

જવાબ:– ખેતી અને ભેંસોનો તબેલો કામ કરુ છુ.

એ વાત ખરી છે કે હું ઈન્કમટેક્ષ રીટૅન ભરૂ છુ.

સવાલ:– તમે રોયલ રેસીડેન્સી ના ભાગીદારો પાસેથી તમો એ સી.૨૦૨ થી સી ૨૦૬ ના પાંચ ફલેટો લીધેલા હતા તો તે ફલેટો કયારે અવેજમા લીધેલા?

જવાબ:–સર્વે નંબર–૯૪૬ ની અને ૯૪૭ ની કોઢ ગામમા મારી માલીકીની જમીન હતી તે મે રોયલ રેસીડેન્સી ના ભાગીદારો ને વેચી દીધેલી અને તેના અવેજ મા લીધેલા અને તેની તારીખ હુ દસ્તાવેજમા જોઈને કહી શકુ.

સવાલ:– રોયલ રેસીડેન્સી ના ભાગીદારો પાસેથી સદર ફલેટો આશરે કેટલા વર્ષે પહેલા લીધેલા?

જવાબ:–સને–૨૦૨૧ મા લીધેલા.

સવાલ:– તમે એવુ કહો છો કે સદરહુ ફલેટ તમોએ આરોપીને આપેલા તો આરોપી તે ફલેટો કેટલા વર્ષે પહેલા વેચેલા?

જવાબ:– સને–૨૦૨૨ ના મૌખિક વાત મુજબ લગભગ જુન,જુલાઈ મા.

સવાલ:– આરોપીએ સદર ફલેટો કયારે વેચેલા?

જવાબ:– સને–૨૦૨૨ કે ૨૦૨૩ અમારી વાત જે બીલડારો હતા તેમને મે જુબેરભાઈ જોડે વાત થયા પછી તે ભાઈ જેમને કહે તેમને ફલેટ દસ્તાવેજ કરી દેવાના.

સવાલ:– આરોપીએ સદર ફલેટો તમારા કહેવા મુજબ કોને અને કયારે દસ્તાવેજ કરી આપેલો?

જવાબ:– મારી ડીલ જુબેરભાઈ જોડે થયેલી પછી જુબેરભાઈએ ડીસેમ્બર –૨૦૨૨ મા મને એક એમ.ઓ.યુ. કરી આપેલ છે. જુબેરભાઈ એ પાર્ટી શોધીને કયારે દસ્તાવેજ કરેલા તે લગભગ –૨૦૨૨ ની સાલ છે.

સવાલ:– જુબેરભાઈએ આ દસ્તાવેજ કોને કરી આપેલા?

જવાબ:– જુબેરભાઈ જોડે મારેજે એમ.ઓયુ થયેલ તેમા મેન્સન કરેલ છે. જુબેરભાઈ એ અન્ય વ્યકિતને ફલેટ વહેચી દીધા છે અને તેની અવેજ ની રકમ પણ મેળવી લીધેલ છે.

એ વાત ખરી છે કે આરોપીએ કોને દસ્તાવેજ કરી આપેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે આરોપીએ કઈ તારીખે દસ્તાવેજ કરી આપેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે મે સદર દસ્તાવેજ જોયેલા પણ નથી. એ વાત ખરી છે કે, દસ્તાવેજ વખતે હુ હાજર પણ ન હતો.એ વાત ખરી છે કે આરોપીએ કેટલા અવેજમા ફલેટો વેચેલા તેની મને ખબર નથી.

સવાલ:– રોયલ રેસીડેન્ટ ના ભાગીદારો કોણ કોણ હતા?

જવાબ:– ઉસ્માનભાઈ ખત્રી,ઈશાક મુસ્તાક જોયા અને ઉર્ફે નામથી પાપાભાઈઅને બીજા પણ હશે પણ હુ આટલા નામથી ઓળખુ છુ.

સવાલ:– તમારે કહેવુ છે કે તમારી કોઢ ગામની જમીન સવે નંબર–૯૪૬ અને ૯૪૭ વાળી જમીનો ઉપરોકત ત્રણ ઈસમોને વહેચેલી?

જવાબ:– ઉપરોકત ત્રણ ઈસમોની ઓફીસ આર્શીવાદ હોટલ પાસે છે.તો તેમની ઓળખાણ મને એડવોકેટ સજાદ કાદરી સાહેબે કરાવી અને કાદરી સાહેબે અને કાખરી સાહેબે આ જમીન વેચાવેલી જે ઉસ્માનભાઈ અને પાપાભાઈ ને વેચાવેલી અને મૌખિક.

સવાલ:– તમોએ તમારી જમીન સર્વે નંબર–૯૪૬ અને ૯૪૭ તમોએ ઉસ્માનભાઈ અને પાપાભાઈ ને દસ્તાવેજ કરી આપેલો?

જવાબ:– ના જી. આ લોકોને દસ્તાવેજ કરી આપેલ નહી. આ લોકોના કહેવાથી ઉસ્માનભાઈ ની માતા અને કોઈ પિયુષભાઈ કરીને હતા તેમને દસ્તાવેજ કરી આપેલો.

સવાલ:– રોયલ રેસીડેન્સી ના પાંચ ફ્લેટો કોના નામે હતા?

જવાબ:– તેની મને ખબર નથી.

સવાલ:– તમોએ આંક–૧૪ ની જે નોટીસ આરોપીને આપેલ છે તેમા કેટલા લાખ રૂપિયા ચુકવી આપવાની તમોએ માંગણી કરેલી?

જવાબ:– તેમને મને ટુકડે ટુકડા રૂ ૫૦૦,૦૦૦/– આપેલ જે ૨૮ લાખમાથી અને કેટલા માગેલા તેની મને ખબર નથી મને ફરીયાદ નુ ખબર છે નોટીસ ની ખબર નથી.

સવાલ:– તમે ફરીયાદમા કેટલા રૂપિયાની માંગણી આરોપી પાસેથી કરેલી છે?

જવાબ:– પંદર લાખ ની માંગણી છે અને મારે ટોટલ રૂપિયા ત્રેવીસ લાખ લેવાના છે. વધુમા જણાવે છે કે મારે એક વાર ચેક નાખેલો તે રીટેન થયેલા મે એક વાર

ત્રણ ચેક નાખેલા તો બેંકમાથી ફંડ ઓછુ હોઈ રીટૅન થયેલા અને તે ભાઈ જોડે વાત થયેલ તો પાછો મને વાયદો કરેલો ફરીવાર મે બીજા વાર ચેક નાખેલો.જ ચેક નંબર–૦૦૦૫૧ આ ચેક રીટૅન થયેલો. પેલો એક બે દીવસ લેટ નો પ્રોબલેમ હતો એટલે આ ચેકની મે ફરીયાદ કરેલી નહી.

સવાલ:– આઈટ ડેટેડ ચેક કેટલા રૂપિયાનો હતો?

જવાબ:– દશ લાખ રૂપિયાનો હતો.

એ વાત ખરી છે કે મે આરોપીને હાલની નોટીસ આપેલી તે પહેલા મારી સામે અંકલેશ્વર રૂરલ પોલીસ સ્ટેશનમા તા ૨૫/૦૩/૨૦૨૩ ના રોજ એક ફરીયાદ આપેલી છે. સાહેદ જણાવે છે કે મે આરોપી સામે સદર તારીખ પહેલા જીલ્લા પોલીસ વડાને પણ ફરીયાદ આપેલ છે.

એ વાત ખરી છે કે મને હોટલ રેસીડેન્સીએ પાંચ ફલેટો હવાલાના આપેલ છે તેનો કોઈ પુરાવો મે રજુ કરેલો નથી.સાહેદ જણાવે છે કે જરૂર પડશે તો રજુ કરીશ.

સવાલ:– તમે કયારે રજુ કરશો?

જવાબ:–આવતી તારીખે રજુ કરીશ.

એ વાત ખરી છે કે સદર ફરીયાદમા જણાવેલ પાંચ ફલેટો આરોપીએ અન્ય કોઈ ઈસમોને વેચેલ હોય તેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. સાહેદ જણાવે છે કે રજુ કરીશ.

સવાલ:– તેવો કોઈ પુરાવો રજુ કરવા ખુશી છો?

જવાબ:– પુરાવો રજુ કરવા ખુશી નથી,સાહેદોને લાવી શકુ.

સવાલ:– તમોને પાંચ ફ્લેટો હવાલામા મળેલા અને તમોએ આરોપીઓને વેચવા આપેલા તેવુ ઈનકમટેક્ષ રીટૅન મા બતાવેલ છે?

જવાબ:– નથી બતાવેલ.

સવાલ:– તમોએ આરોપીને પાંચ ફ્લેટો વહેચવા આપેલા તેની કોઈ રસીદ લીધેલ છે?

જવાબ:– રસીદ નહી લીધેલ,પરંતુ એમ.ઓ.યુ.મા જણાવેલ છે.

સવાલ:– પાંચ ફ્લેટો હવાલામા કોના નામે ચાલે છે તેની તમોને ખબર છે?

જવાબ:– તેની મને ખબર નથી.

એ વાત ખરી છે કે વાદ વાળા ચેકમા ચેકની રકમોમા મે મારા હસ્તાક્ષરમા ભરેલ છે. સાહેદ સ્વેરછાએ જણાવે છે કે, મે મારુ નામ ભરેલ છે એમાઉન્ટ ભરેલ નથી.એ વાત ખરી છે કે આંક–૮ અને ૧૧ વાળો ચેક મને અસલ બતાવવામા આવે છે તેમા તે ચેક મા મારુ નામ તથા રકમ શબ્દોમા મે લખેલી છે.

સવાલ:– તમોએ ચેકો બેંકમા ભરેલા તે અંગેની જાણ આરોપીને કરેલી?

જવાબ:– કરેલી હતી.

એ વાત ખરી છે કે પાંચ ફ્લેટો કોને આપેલા તે ફરીયાદ મા લખેલ નથી. એ વાત ખરી છે કે આરોપીએ ફ્લેટ ના અવેજના પૈસા કયાં સ્વીકારેલ તે મે ફરીયાદમા અને સરતપાસ મા જણાવેલ નથી. સાહેદ જણાવે છે કે સ્વીકારેલા છે તે જણાવેલ છે. એ વાત ખરી છે કે મે નોટીસ મોકલાવેલ તેનો આરોપીએ જવાબ આપેલો.

સવાલ:– તમારી પાસે આરોપીએ નોટીશના જવાબમા પાંચ ફ્લેટ તમારી માલીકીના પુરાવા માંગેલા પણ તમોએ મોકલાવેલા નહી?

જવાબ:– મને ખબર નથી પણ ફ્લેટ મારા છે.

(૧૪) આરોપી દવારા આંક–૫૮ થી સોગંદ નામુ રજુ કરેલ છે, આંક–૫૮ ના આરોપી ની ફરીયાદીના વિદવાન વકીલશ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. આંક–૫૮ ના આરોપીનો મૌખિક પુરાવો ધ્યાને લેતા,આરોપીએ સ્વીકારેલ છે કે .

સવાલ:– તમારી ઉમર કેટલી છે?

જવાબ:–૫૧ વર્ષે

હુ કપોદ્રા ગામનો રહીશ છુ. એ વાત ખરીછે કે મારા પત્ની સરપંચ અને હુ પણ ઘણી બધી સંસ્થામા આગળ પડતો વ્યકિત છુ. અગાઉ હુ ટ્રસ્ટોમા પણ ટ્રસ્ટી હતો. એ વાત ખરી છે કે ઉપરોકત ફરીયાદો ચેક પરત ફર્યોની ફરીયાદો છે. એ વાત ખરી છે કે ચેક આપતી વખતે ફરીયાદી વચ્ચે એમ.ઓ.યુ કરેલ.સાહેદ સ્વેરછાએ જણાવે છે કે એમ.ઓ.યુ એ ફ્લેટ આપવા માટે કરેલ પરંતુ ફરીયાદીએ આજ દીન સુધી મને કોલ ફલેટ આપેલ નથી. એ વાત ખરી છે કે સદર એમ.એ.યુ તા ૦૨/૧૨/૨૦૨૨ ના રોજ થયેલ.એ વાત ખરી છે કે એમ.ઓ.યુ મુજબના ચેકો ફરીયાદીએ બેંકમા નાખતા એ પરત થતા ફરીયાદીએ મને જાણ કરતા ત્યારે પણ મે ફરીયાદીને પૈસા આપેલા.સાહેદ સ્વેરછાએ જણાવે છે કે, રૂ ૫,૬૦,૦૦૦/– ફરીયાદીએ ફ્લેટ અંગેના આપેલા હતા.એ વાત ખરી છે કે તા ૦૨/૧૨/૨૦૨૨ ના રોજ નુ ફરીયાદીની તરફેણ નુ એમ.ઓ.યુ. એ જબરજસ્તીથી ફરીયાદીએ લખાવેલ તેની મે પી.આઈ. રૂબરૂ અંકલેશ્વર ને તા ૨૫/૦૩/૨૦૨૩ ના રોજ અરજી કરેલી. એ વાતની મને ખબર નથી કે મારી વિરૂધ્ધ આ અગાઉ ફરીયાદીએ ફરીયાદ ચેક પરત થવા બદલ કરેલી. એ વાત ખરી છે કે એમ.ઓ.યુ મુજબ ફરીયાદીને અમોએ ચાર ચેકો આપેલા અને બે બદલ ફરીયાદમા બે ચેકોનો ઉલ્લેખ કરેલ છે.

(૧૫) ઉભય પક્ષોનીની દલીલો, ફરીયાદીનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો તથા બચાવપક્ષનો બચાવ તથા દસ્તાવેજી પુરાવો, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ તથા ઉપર જણાવેલ નામદાર વડી અદાલતના ચુકાદાઓમાં જણાવેલ સિધ્ધાંતો ધ્યાને લઈને, સદરહુ ફરીયાદના કામે રજુ થયેલ પુરાવા ની મુલવણી મુદા નં.–૧ ના ન્યાય નિર્ણય માટે નીચે મુજબ કરવામાં આવે છે.

<u>પુરાવાનનું મુલ્યાકન</u> .

(૧૬) આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ અનુમાન થાય કે ચેક આરોપીનો છે અને લેણા પેટે આપેલ હોય પરંતુ તેનુ ખંડન આરોપીએ કરવું પડે અને જયારે તેવું પ્રિપોન્ડરંસ ઓફ પ્રોબેબીલીટી એટલે ફરીયાદીના કેસ સામે વ્યાજબી શંકા ઉપસ્થિત કરે ત્યારે પુરાવાનો બોજો ફરીયાદી તરફ ખસે. કાયદાકીય દૃષ્ટિથી હાથ ઉપરના કેસનું વિશ્લેષણ મુજબ આ કામે ફરીયાદીનુ કહેવુ એવુ છે કે,આ કામના આરોપી જમીન–મકાનો લે વેચનો ધંધો કરે છે તેથી અમો ફરીયાદી પાસે મોજે–સારંગપુર,તા–અંકલેશ્વર ,જી–ભરૂચ ખાતે આવેલ રોયલ રેસીડેન્સીમા પાંચ ફલેટ અમો ફરીયાદીને અમારી મીલકત નંબર–૯૪૬ અને ૯૪૭ વાળી જમીન વેચાણ કરેલ તેના અવેજ મા અમો ફરીયાદીને રોકડ રકમ તથા સદર ફલેટ મળેલ.સદર ફલેટ વેચાણ કરવા અમોએ આરોપીને જણાવતા આરોપીએ સદર પાંચ ફલેટ સી–૨૦૨ થી સી–૨૦૬ સુધી ના ફલેટો નો વેચાણ રૂ ૨૮૦૦,૦૦૦/– મા કરેલ અને તે રકમ અમોને આપેલ ન હોય તે રકમ માંગતા આરોપીએ અમોને કુલ ચાર ચેકો ૦૦૦૦૪૯,૦૦૦૦૫૧,૦૦૦૦૫૫,૦૦૦૦૫૬

ના નંબર ના આપેલ. જે પૈકી ચેક નંબર–૦૦૦૦૪૯ એ રૂ ૩૦૦,૦૦૦/– નો હતો જે બેંક મા ભરતા ફંડ ઈનસુફીશીયેન્ટ ના શેરા સાથે પરત ફરતા અમોએ આરોપીને જણાવતા આરોપીએ અમોને રૂ ૩૦૦,૦૦૦/– રોકડા આપેલ. ચેક નંબર–૦૦૦૦૫૧,રકમ રૂ ૧૦,૦૦,૦૦૦/–, ૦૦૦૫૫ રકમ રૂ ૧૦,૦૦,૦૦૦/– તથા ૦૦૦૫૬ રકમ રૂ ૫૦૦,૦૦૦/– બેંક મા ભરતા ફંડ ઈનશફીસીયેન્ટ ના શેરા સાથે પરત ફરેલ જેની જાણ આરોપીને કરતા આરોપીએ અમોને ટુકડા ટુકડા રૂ ૧,૫૦,૦૦૦/– તથા રૂ ૫૦,૦૦૦/– અમો ફરીયાદીને આપેલ. આમ આરોપી પાસે થી કુલ રૂ ૨૩૦૦,૦૦૦/– કાયદેસરના નીકળતા હોય સદર ચેકો આરોપીના જણાવ્યા મુજબ ફરી બેંક મા ભરતા ફરી સદર ચેકો ફંડ ઈન્સફીશીયેન્ટ ના શેરા થી પરત આવતા અમો ફરીયાદીએ આ કામના આરાપીને અમારા વકીલ શ્રી દવારા નોટીસ આપેલ અને સદર કેસ હાલના આરોપી વિરૂધ્ધ દાખલ કરેલ.આમ ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતા હાલના ફરીયાદી આરોપી પાસેથી રૂ ૨૮૦૦,૦૦૦/– રકમ ની માંગણી કરે છે જે પૈકી આરોપી દવારા ફરીયાદીના કથન મુજબ રૂ ૫૦૦,૦૦૦/– ચુકવી આપેલ છે અને રૂ ૨૩,૦૦,૦૦૦/– ચુકવવા ના બાકી છે જે રકમ પૈકી સદર ફરીયાદ દાખલ કરવામા આવેલ છે.

પરંતુ ઉપરોકત રેકર્ડે ધ્યાને લેતા ફરીયાદી દવારા આંક–૮ થી રૂ ૧૦,૦૦,૦૦૦/– નો ચેક નંબર–૦૦૦૦૫૫ તથા આંક–૧૧ થી રૂ ૫૦૦,૦૦૦/– નો ચેક નંબર–૦૦૦૦૫૬ રજુ કરેલ છે, આમ ફરીયાદી એ માત્ર રૂ ૧૫,૦૦,૦૦૦/– ની રકમ ની માંગણી માટે સદર ફરીયાદ દાખલ કરેલ છે.

વધુમા ફરીયાદી તેઓની ઉલટ તપાસ મા સ્વીકારે છે કે,સવાલ:– તમોએ આંક–૧૪ ની જે નોટીસ આરોપીને આપેલી તેમા કેટલા લાખ રૂપિયા ચુકવી

આપવાની તમોએ માંગણી કરેલી? જવાબ:- તેમને મને ટુકડે ટુકડા રૂપિયા પાંચ લાખ ચુકવી આપેલ જે રૂ ૨૮,૦૦,૦૦૦/- માથી અને કેટલા માગેલા તેની મને ખબર નથી અને મને ફરીયાદ નુ ખબર છે નોટીસ ની ખબર નથી. સવાલ:- તમોએ ફરીયાદમા કેટલા રૂપિયાની માંગણી આરોપી પાસેથી કરેલી? જવાબ:- પંદર લાખની માંગણી કરેલ છે અને મારે ટોટલ રૂપિયા ત્રેવીસ લાખ લેવાના છે.

આમ આરોપી દવારા એવી કોઈ તકરાર લેવામા આવેલ નથી કે તકરારી ચેકમા આરોપીની સહી નથી વધુમા આરોપી દવારા ફરીયાદી દવારા આપેલ નોટીસનો આંક-૧૭ થી જવાબ આપેલ છે તેમા પણ ચેક મા તેઓની સહી નથી તેવી કોઈ તકરાર આરોપી દવારા લેવામા આવેલ નથી. .વધુમા આરોપી દવારા જે વિશેષ નીવેદન આપવામા આવેલ છે તેમા પણ આરોપી દવારા એવુ કોઈ નીવેદન આપેલ નથી કે તકરારી ચેકમા અમો આરોપીની કોઈ સહી નથી.આમ આરોપી દવારા જે બચાવ લેવામા આવેલ છે તે બચાવ સંભવીત બચાવ જણાવો નથી પરંતુ માત્ર બુધ્ધીગમ્ય ખુલાસો જણાય છે.જે બચાવ સ્વીકારી શકાય નહી.વધુમા નામદાર કોર્ટે દવારા નામદાર સર્વોચ્ચ અદાલત નો Triyambak S Hegde V/s Sripad Clr Appeal No S.849-850 of 2011 ના ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો પર આધાર રાખેલ છે તેમા જણાવેલ છે કે,Accused has not disputed the signature on cheque- thus a presumption would arise under section 139 N.I Act in favour of complainant, Who was holder of cheque, that cheque was issued in discharge of debt or liability- A presumption for passing of consideration would also arise as provided u/s 118(a) N.I. Act such presumption would remain until contrary is proved in present facts, presumption which had arise in favour of complainant, not successfully rebutted by accused herein-

આમ સદર કામમા આંક-૦૮ અને ૧૧ વાળો તકરારી ચેકો આ કામના આરોપીના નથી અને તેમા આરોપીની સહી નથી તેવી કોઈ તકરાર આરોપી દવારા અગાઉ લેવામા આવેલ નથી. આમ સદર તકરારી ચેક મા આ કામના આરોપીની સહી છે અને આારોપીના બેંકનો છે તે ન માનવાનો કોઈ કારણ જણાઈ આવતો નથી.આમ સદર ચુકાદા મા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ફરીયાદપક્ષ ના કેસ ને સમર્થન કારક જણાઈ આવે છે.

(૧૬.૧) વધુમા ફરીયાદી પક્ષના પુરાવામા વિરોધાભાસ હોય તો એન.આઈ.એકટ ની કમલ-૧૧૮,૧૩૯ ના અનુમાનો નુ ખંડન થયેલ ગણાય.સદર કામમા ફરીયાદી તેઓની ફરીયાદ મા જણાવે છે કે,આ કામના આરોપી જમીન-મકાનો લે વેચનો ધંધો કરે છે તેથી અમો ફરીયાદી પાસે મોજે-સારંગપુર,તા-અંકલેશ્વર ,જી-ભરૂચ ખાતે આવેલ રોયલ રેસીડેન્સીમા પાંચ ફલેટ અમો ફરીયાદીને અમારી મીલકત નંબર-૯૪૬ અને ૯૪૭ વાળી જમીન વેચાણ કરેલ તેના અવેજ મા અમો ફરીયાદીને રોકડ રકમ તથા સદર ફલેટ મળેલ.સદર ફલેટ વેચાણ કરવા અમોએ આરોપીને જણાવતા આરોપીએ સદર પાંચ ફલેટ સી-૨૦૨ થી સી-૨૦૬ સુધી ના ફલેટો નો વેચાણ રૂ ૨૮૦૦,૦૦૦/- મા કરેલ અને તે રકમ અમોને આપેલ ન હોય તે રકમ માંગતા આરોપીએ અમોને કુલ ચાર ચેકો ૦૦૦૦૪૯,૦૦૦૦૫૧,૦૦૦૦૫૫,૦૦૦૦૫૬ ના નંબર ના આપેલ.

ફરીયાદીની આરોપીના વકીલ શ્રી દવારા કરવામા આવેલ ઉલટ તપાસ મા ફરીયાદી સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે, મને રોયલ રેસીડેન્સી એ પાંચ ફલેટો હવાલામા આપેલા છે તેનો કોઈ પુરાવો મે રજુ કરેલો નથી.સાહેદ જણાવે છે કે જરૂર પડશે તો હુ રજુ કરીશ.સવાલ:- તમે કયારે રજુ કરશો? જવાબ:- આવતી તારીખે રજુ કરીશ.એ વાત ખરી છે કે સદર ફરીયાદમા જણાવેલ પાંચ ફલેટો

આરોપીએ અન્ય ઈસમોને વેચેલા હોય તેનો કોઈ પુરાવો રજુ કરેલો નથી. એ વાત ખરી છે કે સદર ફ્લેટના વેચાણ નો અવેજ સ્વીકારેલ હોય તે રજુ કરેલ નથી.સાહેદ જણાવે છે કે, રજુ કરી શકુ.સવાલ:- તેવા કોઈ પુરાવા રજુ કરવા ખુશી છો?જવાબ:- પુરાવો રજુ કરવા ખુશી નથી. સાહેદોને લાવી શકુ.સવાલ:- તમે પાંચ ફ્લેટો હવાલામા મળેલા હોય અને આરોપીને હવાલાથી વેચવા આપેલા હોય તેવુ તમોએ ઈનમટેક્ષ રીટૅનમા બતાવેલુ છે? જવાબ:- નથી બતાવેલ.સવાલ:- તમોએ આરોપીને પાંચ ફ્લેટ વેચવા આપેલા તેની કોઈ રસીદ તમોએ લીધેલ છે? જવાબ:- રસીદ લીધેલ નથી પંરતુ એમ.ઓ.યુ મા જણાવેલ છે.સવાલ:- આ પાંચ ફ્લેટ કોના નામે ચાલે તેની તમોને ખબર છે? જવાબ:- તેની મને ખબર નથી. એ વાત ખરી છેકે પાંચ ફ્લેટો કોને વેચાણ આપેલા તે ફરીયાદ મા જણાવેલ નથી.. એ વાત ખરી છે કે આરોપીએ ફ્લેટ ના પૈસા કયાં સ્વીકારેલા તે ફરીયાદ અને સરતપાસ મા જણાવેલ નથી. સાહેદ સ્વેરછાએ જણાવે છે કે સ્વીકારેલ છે તે જણાવેલ છે.સવાલ:- તમારી પાસે અમારો એ નોટીસ ના જવાબ મા પાંચ ફ્લેટ તમારી માલીકીના પુરાવા માંગેલા પણ તમોએ મોકલાવેલા નહી? જવાબ:- મને ખબર નથી. પણ આ ફ્લેટ મારા હતા.

વધુમા ફરીયાદી દવારા સ્વીકારવામા આવેલ છે કે,પાંચ ફ્લેટ સી/૨૦૨ થી સી/૨૦૬ અંગે ના આ ચેકો આરોપી દવારા અમોને આપવામા આવેલ જે અંગે આરોપી તથા ફરીયાદી વચ્ચે એક એમ.ઓ.યુ થયેલ છે જે આંક-૧૮ થી રજુ કરવામા આવેલ છે. જે એમ.ઓ.યુ વંચાણે લેતા તેમા લખી આપનાર મા હાલના આરોપી ઝુબેર અહમદસઈદ લુલાત તથા લખાવી લેનાર મા ઈકબાલ મોહમદ ટેલર નો નામ જણાઈ આવે છે.**સદર એમ.ઓ.યુ મા જણાવેલ છે કે હાલના ફરીયાદી ની જમીન સવે નંબર-૯૪૬ અને ૯૪૭ ખેતીની ની જમીન આવેલ છે**

તે જમીન ફરીયાદી દવારા રોયઈ રેસીડેન્સી ના ભાગીદારોને વેચતા તેઓએ ફરીયાદીને અમુક રકમ તથા રોયલ રેસીડેન્સી મા બ્લોક નંબર–સી મા ચોથા માળે ફલેટ નંબર–૪૦૨ થી ૪૦૬ એમ કુલ પાંચ ફલેટ બાકીના રૂપિયાના માર્જીન મા આપેલા.જે બાતની અમો ઝુબેર અહમદસઈદ લુલાત ને જમીન તથા મકાન નોની લે વેચ કરતા હોય ખબર હતી. જેથી અમો લખી આપનારે લખાવી લેનાર બંને પક્ષકારોના ઓળખીતા એવા ફહદ યુસુફ સાજી તથા યુસુફ ઈસ્માઈલ સાજી નાઓ રૂબરૂ સંપર્ક કરી તે તમામ પાંચ ફલેટો નો સોદો રૂ ૨૮,૦૦,૦૦૦/– મા કરેલો અને તેના તમામ રૂ ૨૮,૦૦,૦૦૦/– ઓકટોબર –૨૦૨૨ મા ચુકવી આપવાની વાત થયેલી અને તે પેટે રૂ ૩૦૦,૦૦૦/– નો ચેક નંબર–૦૦૦૦૪૯ વાળો તા ૧૮/૧૦/૨૦૨૨ ના રોજનો નીચે મુજબ ની વિગતો નો ચેક તમો લખાવી લેનાર ઈકબાલ મોહમદ ટેલર ના નામનો લખી આપેલો અને આ ચેક પાસ થયા પછી બાકીની રકમ રૂ ૨૫,૦૦,૦૦૦/– આપી દઈશ તેવી વાત થયેલી. પરંતુ અમો લખી આપનાર ના અગમ્ય કારણોથી રૂ ૩૦૦,૦૦૦/– નો ચેક નંબર–૦૦૦૦૪૯ પાસ કરાવી શકેલ નહી, હાલના તમામ ફલેટો અમો લખાવી આપનારાઓએ અન્ય બીજી વ્યકિત નાઓને વેચાણ કરી દીધેલ છે અને તેની તમામ રકમ અમો લખી આપનારનાઓએ મેળવી લીધેલ છે. તેથી અમો લખી આપનાર તમો લખાવી લેનાર ને પાંચ ફલેટોની તમામ કીમત રૂ ૨૮,૦૦,૦૦૦/– ચુકવવાના હોય જેથી અગાઉ આપેલ રૂ ૩૦૦,૦૦૦/– ના ચેક નંબર–૦૦૦૦૪૯ વાળો ચેક તા ૦૮/૧૨/૨૦૨૨ ના રોજ પાસ કરાવી દેવાના છે એટલે કે ચેકના રૂપિયા તમોને મળી જાય તેમ કરવાનો છે અને બાકીની રકમ રૂ ૨૫,૦૦,૦૦૦/– ના નીચેની વિગતોના ત્રણ ચેકો આજરોજ આપેલા છે. તેમજ અમો લખી આપનાર તમો લખાવી લેનાર ને ચેકો બાબતે વિશ્વાસ અને

ભરોસો આપતા જણાવીએ છીએ કે " વાત થયા મુજબ ચેક મા લખેલી તારીખોએ તમોને બેંકમાથી ચેકની રકમ જમા મળી જશે એટલે કે ચેક પાસ થઈ જશે.તેનો હુ તમોને વિશ્વાસ અને ભરોસો આપુ છુ." તેમજ અમો લખી આપનાર તમો લખાવી લેનાર ને આ જાહેર કરીએ છીએ કે આ ચેક અમોએ તમારી પાસેથી પાંચ ફલેટો લીધેલા તેના કાયદેસરના દેવા પેટેની ચુકવણી માટે લખી આપેલા છે.જે અગાઉ ના એક ચેક અને હાલના ત્રણ ચેકો એમ કુલ ૪ ચેકો ની વિગતો નીચે મુજબ છે.

અનક્રમ નંબર	ચેક નંબર	બેંકનુ નામ	રકમ રૂ	ચેક નીતારીખ
૦૧	૦૦૦૦૪૯	નવસર્જન ઈ.કો.ઓ.બેંક લી.	૩૦૦,૦૦૦/–	૧૮/૧૦/૨૦૨૨
૦૨	૦૦૦૦૫૧	નવસર્જન ઈ.કો.ઓ.બેંક લી.	૧૦,૦૦,૦૦૦/–	૦૮/૧૨/૨૦૨૨
૦૩	૦૦૦૦૫૫	નવસર્જન ઈ.કો.ઓ.બેંક લી.	૧૦,૦૦,૦૦૦/–	૧૮/૧૨/૨૦૨૨
૦૪	૦૦૦૦૫૬	નવસર્જન ઈ.કો.ઓ.બેંક લી.	૫,૦૦,૦૦૦/–	૨૮/૧૨/૨૦૨૨

જો કોઈ સંજોગોમા અમો લખી આપનાર તમો લખાવી લેનાર ને ઉપરોકત ચેકો મુજબની કુલ્લ રકમ રૂ ૨૮,૦૦,૦૦૦/– ચુકવવામા કસુર કરે તો તમો લખાવી લેનાર નાઓ અમો લખી આપનાર વિરૂધ્ધ ફોજદારી ફરીયાદ કરવા તથા

બીજી કાયદેસરની કાર્યેવાહી કરવા સ્વતંત્ર છો, તેમજ આવા દરેક કસુર માટે અમો લખી આપનાર જવાબદાર છીએ અને રહીશુ તે જાહેર કરીએ છીએ.

આ મીલકત ના બાકી નાણા અંગેનો કરાર કરી અમો લખી આપનારે અમારા શરીરના સંપુર્ણ સાવધપણામા કોઈના કોઈ પણ જાત ના દાબ–દબાણ વગર,રાજી ખુશીથી રૂ ૨૮,૦૦,૦૦૦/– પેટે અને આપેલ પોસ્ટ ડેટેડ ચેક પાસ કરાવવાની જવાબદારી પેટે તમો લખી લેનારને લખી આપેલ છે.જેમા અમો લખી આપનારે વાંચી, સંમજી,વિચારી,સાક્ષીઓની રૂબરૂ ફોટા ચોઢી સહીઓ કરેલ છે.

આમ ઉપરોકત ફરીયાદી અને આરોપી વચ્ચે જે કરાર થયેલ છે તે કરાર ગત તા ૦૨/૧૨/૨૦૨૨ ના રોજ થયેલ છે અને તેમા ફરીયાદી તથા આરોપી તથા સાક્ષીઓની સહી ઓ છે અને સદર કરાર નોટરાઈસ થયેલ છે. સદર કરાર ને નામદાર કોર્ટ દવારા આંક–૧૮ આપવામા આવેલ છે. પરંતુ માત્ર દસ્તાવેજ રજુ થવાથી અને તેને આંક પડ જવાથી દસ્તાવેજ પુરવાર થતો નથી,તેના કન્ટેન્ટ પણ પુરવાર કરવા પડે છે. તે માટે નામદાર કોર્ટ દવારા ***Sait Tarajee Khimchand v. Yelamarti Satyam*** (AIR 1971 SC 1865 / 1972 4 SCC 562) મા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા તેમા નામદાર કોર્ટ દવારા જણાવેલ છે કે, (AIR 1971 SC 1865 / 1972 4 SCC 562) is a landmark judgment by the Supreme Court of India. It is a foundational precedent in the law of evidence. It establishes that **mere marking of a document as an exhibit does not prove its contents**.

ઉપરોકત ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ માત્ર દસ્તાવેજ ને આંક પડી જવાથી દસ્તાવેજ પુરવાર થઈ જતો નથી તેમા લખેલા શબ્દો પણ પુરવાર કરવા પડે છે.

(૧૬.૨) આરોપી દવારા સદર કામમા આંક–૫૮ થી સોગંદનામુ રજુ કરેલ છે, ફરીયાદીના વકીલ શ્રી દવારા કરવામા આવેલ ઉલટ તપાસ મા આરોપી સ્વીકારે છે કે,**એ વાત ખરી છે કે ઉપરોકત ફરીયાદો ચેક પરત ફર્યોની ફરીયાદો છે. એ વાત ખરી છે કે ચેક આપતી વદતે ફરીયાદી વચ્ચે એમ.ઓ.યુ. થયેલ. સાહેદ સ્વેરછાએ જણાવે છે કે, એમ.ઓ.યુ એ ફલેટ આપવા માટે કરેલ પરંતુ ફરીયાદીએ આજ દીન સુધી અમોને કોઈ ફલેટ આપેલ નથી. એ વાત ખરી છે કે સદર એમ.ઓ.યુ.તા ૦૨/૧૨/૨૦૨૨ ના રોજ થયેલ. એ વાત ખરી છે કે એમ.ઓ.યુ મુજબના ચેકો ફરીયાદીએ બેંકમા નાખતા એ પરત થતા ફરીયાદીએ મને જાણ કરતા ત્યારે પણ મે ફરીયાદીને પૈસા આપેલ.સાહેદ સ્વેરછાએ જણાવે છે કે, રૂ ૫,૬૦,૦૦૦/– ફરીયાદીએ ફલેટ અંગેના આપેલા હતા.એ વાત ખરી છે કે, તા ૦૨/૧૨/૨૦૨૨ ફરીયાદીની તરફેણ નુ એમ.ઓ.યુ. જબરજસ્તી થી ફરીયાદીએ લખાવેલ તેની મે પી.આઈ.રૂરલ અંકલેશ્વર ને તા ૨૫/૦૩/૨૦૨૩ ના રોજ અરજી કરેલી.એ વાત ની મને જાણ નથી કે મારી વિરૂધ્ધ આ અગાઉ ફરીયાદીએ ફરીયાદ ચેક પરત થવા બદલ કરેલી.એ વાત ખરી છે કે એમ.ઓ.યુ મુજબ ફરીયાદીને અમોએ ચાર ચેક આપેલા અને સદર ફરીયાદમા તે પેટે બે ચેકોનો ઉલ્લેખ થયેલ છે.**

આમ સદર કામમા આંક–૧૮ ના કરાર ને આરોપી દવારા સ્વીકારવામા આવેલ છે અને આંક–૧૮ ના કરાર મા જે ચાર ચેકો નો ઉલ્લેખ કરવામા આવેલ છે તે ફરીયાદમા રજુ થયેલ ચાર ચેકો છે તેજ ચેકો છે અને એમ.ઓ.યું.મુજબ ફરીયાદીને અમોએ ચાર ચેક આપેલા અને સદર ફરીયાદમા તે પેટે બે ચેકોનો ઉલલેખ થયેલ છે. તેમ આરોપી સ્વીકારતા હોય આંક–૧૮ થી ફરીયાદી દવારા રજુ કરેલ એમ.ઓ.યુ પુરવાર થયેલ છે.આમ આરોપી દવારા આંક–૧૮ નો કરાર

એટલે કે એમ.ઓ.યુ સ્વીકારવામા આવતો હોય નામદાર કોર્ટ દવારા **ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૫૮ વંચાણે લેતા જે નીચે મુજબ છે.**

"જે હકીકતો પક્ષકારો અથવા તેમના વકીલો દવારા કોર્ટ મા સ્વીકારી લેવામા આવી હોય, અથવા સુનાવણી પહેલા લેખિતમા સ્વીકારી લેવામા આવી હોય, અથવા દાવા–જવાબમા સ્વીકારેલી ગણાતી હોય, તેવી હકીકતો સાબિત કરવાની જરૂર રહેતી નથી. "

આમ આરોપી દવારા આંક–૫૮ થી આપેલ સોગદનામા ની ફરીયાદીના વકીલ શ્રી દવારા કરવામા આવેલ ઉલટ તપાસ મા તેઓ આંક–૧૮ ના કરારને (એમ.ઓ.યુ) ને સ્વીકારે છે આથી સદર કરાર પુરવાર કરવાનો રહેતો નથી. આરોપીએ સદર કરાર મુજબ ફરીયાદીને ચેકો આપેલ છે અને હાલના બે ચેકો પણ સદર કરાર મુજબ આપેલ છે, આમ એમ.ઓ.યુ. મુજબ ચેક નંબર–૦૦૦૦૫૫ રૂ ૧૦,૦૦,૦૦૦/– તથા ચેક નંબર–૦૦૦૦૫૬ રૂ ૫,૦૦,૦૦૦/– નો હાલના આરોપીના ચેકો છે અને તેમા આરોપીની સહી છે અને આરોપીએ ફરીયાદીને દેવા પેટે આપેલ છે તે પુરવાર થાય છે.

(૧૬.૩) વધુમા આરોપી દવારા એવો બચાવ લેવામા આવે છે કે**, એ વાત ખરી છે કે તા ૦૨/૧૨/૨૦૨૨ ફરીયાદીની તરફેણનુ આંક–૧૮ નો એમ.ઓ.યુ એ જબરજસ્તી થી ફરીયાદીએ લખાવેલ તેની મે પી.આઈ.રૂરલ અંકલેશ્વર ને તા ૨૫/૦૩/૨૦૨૩ ના રોજ અરજી કરેલી.** આમ આરોપી જણાવે છે કે, આંક–૧૮ નો કરાર ફરીયાદી દવારા જબરજસ્તી કરાવેલ છે અને તે અંગે તેઓએ તા ૨૫/૦૩/૨૦૨૩ ના રોજ પી.આઈ. શ્રી ને અરજી કરેલ છે,પરંતુ આવી કોઈ અરજી સદર કામમા રજુ કરવામા આવેલ નથી. વધુમા જોવામા આવે તો આરોપી જણાવે છે કે તેઓએ સદર અરજી તા ૨૫/૦૩/૨૦૨૩ ના રોજ કરેલ છે એટલે કે ફરીયાદી

દવારા જયારે ચેક નંબર–૦૦૦૦૫૫ અને ૦૦૦૦૫૬ બેંક મા રજુ કરતા તેનો રીટૅન મેમો તા ૦૬/૦૨/૨૦૨૩ ના રોજ ફંડ ઈનસફીશીયેન્ટ ના શેરા સાથે પરત થયેલ જેને આંક–૦૯ અને ૧૨ અને ફરી થી સદર ચેક બેંક મા રજુ કરતા તા ૧૩/૦૩/૨૦૨૩ ના રોજ ફંડ ઈનસફીશીયેન્ટ ના શેરા સાથે પરત આવતા તેને આંક–૧૦ અને ૧૩ આપવામા આવેલો છે.આમ ફરીયાદીએ રજુ કરેલ ચેક ફંડ ઈનસફીશીયેન્ટ ના શેરા સાથે પરત આવતા ફરીયાદીએ આરોપીને જાણ કરતા આરોપી દવારા સદર અરજી તા ૨૫/૦૩/૨૦૨૩ ના રોજ કરવામા આવેલ છે તેવુ જણાઈ આવે છે. આમ આરોપી દવારા જે બચાવ લેવામા આવેલ છે તે બચાવ સંભવીત બચાવ જણાવો નથી પરંતુ માત્ર બુધ્ધીગમ્ય ખુલાસો જણાય છે.જે બચાવ સ્વીકારી શકાય નહી.

(૧૬.૪) વધુમા આરોપી દવારા એવુ દલીલ કરેલ છે કે**, એ વાત ખરી છે કે તા ૦૨/૧૨/૨૦૨૨ ફરીયાદીની તરફેણ નુ આંક–૧૮ નો એમ.ઓ.યુ એ જબરજસ્તી થી ફરીયાદીએ લખાવેલ તેની મે પી.આઈ.રૂરલ અંકલેશ્વર ને તા ૨૫/૦૩/૨૦૨૩ ના રોજ અરજી કરેલી.** પંરતુ આંક–૧૮ નો કરાર એ ફરીયાદી દવારા જબરજસ્તી કરાવેલ છે તે પુરવાર કરવાની જવાબદારી આરોપીની છે તે માટે નામદાર કોર્ટે દવારા ***Kumar Exports v. Sharma Carpets (2009) 2 SCC 513*** ના ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા તેમા નામદાર કોર્ટે જણાવે છે કે**,** is a landmark judgment delivered by the **Supreme Court of India** that clarified the rules regarding the **burden of proof and standard of proof** in cheque bounce cases under **Section 138 of the Negotiable Instruments Act, 1881 (NI Act)**. The Court ruled that an accused can rebut the statutory presumption of liability by establishing a "preponderance of probabilities," rather than proving their innocence beyond a reasonable doubt.

Bare Denial is Insufficient: A simple or vague denial of debt by the accused during trial will not suffice to shift the burden of proof back to the complainant. The accused must introduce factual circumstances or evidence to back up their claim

Bharat Barrel & Drum Manufacturing Company v. Amin Chand Payrelal (1999) 3 SCC 35 is a landmark judgment delivered by the Supreme Court of India that established foundational rules on how statutory presumptions operate under Section 118(a) of the Negotiable Instruments Act, 1881 (NI Act). The Court clarified how the burden of proof shifts between a plaintiff and a defendant when the execution of a negotiable instrument (like a promissory note or a cheque) is admitted but its underlying financial consideration is disputed.

When the Burden Shifts Back: The burden of proof shifts back to the plaintiff *only if* the defendant successfully brings evidence that makes the existence of any consideration highly improbable, doubtful, or illegal. If the defendant fails to cross this initial threshold, the plaintiff wins automatically based on the legal presumption alone.

આમ માત્ર ડીનાઈલ લઈ લેવાથી પુરાવાનો બોજો ફરીયાદી પર સીફ્ટ થઈ જતો નથી. આરોપીએ પુરવાર કરવો પડે કે આંક–૧૮ નો કરાર એ ફરીયાદી દવારા જબરજસ્તી કરાવેલ છે. પરંતુ આરોપી સ્વીકારે છે કે**, એ વાત ખરી છે કે સદર એમ.ઓ.યુ.તા ૦૨/૧૨/૨૦૨૨ ના રોજ થયેલ. એ વાત ખરી છે કે એમ.ઓ.યુ મુજબના ચેકો ફરીયાદીએ બેંકમા નાખતા એ પરત થતા ફરીયાદીએ મને જાણ કરતા ત્યારે પણ મે ફરીયાદીને પૈસા આપેલ.સાહેદ સ્વેરછાએ જણાવે છે કે, રૂ ૫,૬૦,૦૦૦/– ફરીયાદીએ ફ્લેટ અંગેના આપેલા હતા.**

આમ એમ.ઓ.યુ મુજબ આરોપીએ ફરીયાદીને ચેકો આપેલ છે અને સદર ચેકો બાઉન્સ થતા ફરીયાદીએ આરોપીને જાણ કરતા આરોપી દવારા સદર ચેકો

મુજબ નાણા ફરીયાદીને આપેલ છે.આમ જો એમ.ઓ.યુ. જબરજસ્તી લખાવવામા આવેલ હોય તો કોઈ પણ વ્યકિત તે એમ.ઓ.યુ પ્રમાણે આગળ વ્યવહાર ન કરે અને હાથો હાથ પોલીસ મા ફરીયાદ કરે,પરંતુ સદર કેસ મા એમ.ઓ.યુ ગત તા ૦૨/૧૨/૨૦૨૨ ના રોજ થાય છે અને આરોપી દવારા પોલીસ મા અરજી તા ૨૫/૦૩/૨૦૨૩ ના રોજ એટલે કે ૪ મહીના પછી કરવામા આવેલ છે. આમ આરોપી દવારા જે બચાવ લેવામા આવેલ છે તે બચાવ સંભવીત બચાવ જણાવો નથી પરંતુ માત્ર બુધ્ધીગમ્ય ખુલાસો જણાય છે.જે બચાવ સ્વીકારી શકાય નહી.

(૧૭) ફરીયાદી દવારા તેઓની ફરીયાદના સમર્થન મા કે.એન.બીના વિરૂધ્ધ મુનિય્યા **(2001) 8 SCC 458** નો ચુકાદા પર આધાર રાખે છે, સદર ચુકાદો નામદાર કોર્ટે દવારા વંચાણે લેતા is a critical landmark judgment by the **Supreme Court of India** that established a strict rule on statutory presumptions in cheque bounce cases. The Court explicitly ruled that in complaints under Section 138 of the **Negotiable Instruments Act, 1881 (NI Act)**, the court *must* presume that a cheque was issued to discharge a legally enforceable debt or liability. The **burden of proving the contrary lies entirely on the accused**, who must lead cogent evidence to pull down this presumption—mere denials in arguments will not suffice.

આમ સદર ચુકાદા મુજબ જયારે કોઈ ચેક આપવામા આવેલ હોય ત્યારે તે ચેક કાયદેસર ના દેવા પેટે આપવામા આવેલ છે તેમ માની લેવાનો હોય છે અને તેનો ખંડન કરવાની જવાબદારી આરોપી ની હોય છે.સદર કામમા આંક–૦૮ અને ૧૧ થી જે ચેકો રજુ કરેલ છે તે ચેકો આરોપી દવારા આપવામા આવેલ છે અને કાયદેસરના દેવા પેટે આપવામા આવેલ છે અને આરોપી દવારા તેનો કોઈ ખંડન

કરવામા આવેલ નથી.આથી સદર ચુકાદા મા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ફરીયાદીના કેસ ને મદદરૂપ થાય છે.

(૧૭.૧) **Kishan Rao v. Shankargouda (2018) 8 SCC 165** ના ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધયાને લેતા is a major landmark judgment by the **Supreme Court of India** that strongly reinforced the statutory presumption under Section 139 of the **Negotiable Instruments Act, 1881 (NI Act)**. The Court decisively ruled that a **mere denial of the debt or liability by an accused cannot shift the burden of proof** back to the complainant. Furthermore, the judgment set crucial boundaries for the **revisional jurisdiction of High Courts** when dealing with concurrent findings of conviction by lower courts.

આમ ઉપરોકત રજુ થયેલ ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા માત્ર ડીનાઈલ કરવાથી પુરાવાનો બોઝો સ્વીફટ થઈ જતો નથી, હાથ પર ના કેસમા પણ આરોપી દવારા દલીલ કરતા જણાવવામા આવેલ છે કે, આંક–૧૮ નો કરાર ફરીયાદી દવારા જબરજસ્તી કરાવી લીધેલ છે. માત્ર તેટલા થી પુરાવાનો બોઝો ફરીયાદી ઉપર ફરી જતો નથી, આરોપીએ તે પુરવાર કરવો પડે કે આંક–૧૮ નો કરાર ફરીયાદીએ જબરજસ્તી થી કરાવી લીધેલ છે. આથી સદર ચુકાદામા પ્રસ્થપિત થયેલ સિધ્ધાંતો ફરીયાદીના કેસ ને મદદરૂપ નીવળેલ છે.

(૧૭.૨) **Rangappa v. Sri Mohan (2010) 11 SCC 441** is an authoritative, full Three-Judge Bench judgment of the **Supreme Court of India** that conclusively defined the scope of the statutory presumption under Section 139 of the **Negotiable Instruments Act, 1881 (NI Act)**. The Court ruled that the legal presumption in a cheque bounce case **mandatorily includes the existence of a legally enforceable debt or**

liability. This landmark ruling explicitly clarified the exact standard an accused must meet to shift the burden of proof back to the complainant

આમ જયારે કોઈ ચેક આપે તે કાયદેસરના દેવા પેટે આપવામા આવેલ છે તે સમજવાનો હોય છે,કાયદેસરના દેવા પેટે ચેક આપવામા ન આવેલ તે પુરવાર કરવાનો બોજો જે તે વ્યકિતએ ચેક આપેલ છે તેના ઉપર હોય છે. આથી સદર ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ફરીયાદીના કેસને મદદરૂપ જણાઈ આવે છે.

(૧૮) વધુમા સદર કામમા આરોપીના વકીલ શ્રી દવારા **Goa Handicrafts, Rural and Small Scale Industries Development Corporation Ltd. v. M/s. Samudra Ropes Pvt. Ltd. & Ors. (2005)** ના ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ઘ્યાને લેતા તેમા જણાવેલ છે કે, **The Defense Claim:** The accused argued they were not legally liable because the cheques were given solely as **advance "security"** for a business arrangement rather than to immediately liquidate an active, calculated debt

આમ સદર ચુકાદામા પ્રસ્થાપિત હકીકતો તથા હાથ પર ના કેસની હકીકતો જુદી જુદી છે.હાથ પરના કેસમા આરોપી દવારા સેકયુરીટી પેટે આપેલ એવો કોઈ બચાવ લેવામા આવેલ નથી, આથી સદર ચુકાદો આરોપીના કેસને મદદરૂપ નીવળેલ નથી.

(૧૮.૧) **John K. John v. Tom Varghese & Anr. (2007) 12 SCC 714** is a crucial **Supreme Court of India** judgment concerning cheque bounce cases under **Section 138 of the Negotiable Instruments Act, 1881 (NI Act)**. The Court ruled that an accused can successfully rebut statutory presumptions by examining the **"conduct of the parties"** and demonstrating that a highly imprudent or undocumented financial transaction is deeply improbable

હાથ પરના કેસમા આરોપી દવારા પુરાવનો ખંડન કરી શકેલ ન હોય સદર ચુકાદો આરોપીને મદદરૂપ નીવળેલ નથી.

(૧૮.૨) **Kamalammal v. C.K. Mohanan & Anr. (2006)** is a highly significant judgment delivered by the **Kerala High Court** that established vital limits on statutory presumptions in cheque bounce cases. The Court ruled that the legal presumption under Section 139 of the **Negotiable Instruments Act, 1881 (NI Act)** does not apply automatically. Instead, a complainant **must first establish the basic prerequisites of a transaction** and prove that the cheque was actively "received" from the drawer before the burden of proof shifts to the accused

હાથ પરના કેસમા ફરીયાદીએ આંક–૮ અને ૧૧ વાળા ચેકો આરોપી દવારા આપવામા આવેલ છે તેવુ આંક–'૧૮ નો કરાર રજુ કરી ને પુરવાર કરેલ છે અને તે કરાર આરોપી દવારા સ્વીકારવામા આવેલ છે અથી સદર ચુકાદો આરોપીના કેસને મદદરૂપ નીવળેલ નથી.

(૧૮.૩) **Kumar Exports v. Sharma Carpets (2009) 2 SCC 513** remains a definitive ruling from the **Supreme Court of India** on the exact standard of proof needed to beat a cheque bounce charge under Section 138 of the **Negotiable Instruments Act, 1881**.

To help you apply this ruling practically in a legal brief, trial, or academic research, here is a breakdown of its core evidentiary mechanics, specific legal standards, and its interaction with subsequent rulings

આમ હાથ પર ના કેસ તથા ઉપરોકત રજુ થયેલ ચુકાદાની હકીકતો જુદી જુદી હોય **,** સદર ચુકાદો આરોપીના કેસને મદદરૂપ નીવળેલ નથી.

આમ નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ ''એકટ'' ની કલમ ૧૩૯ અન્વયે અનુમાન હોય તે વિરૂધ્ધની હકીકત યાને ખંડનાત્મક પુરાવો રજુ કરવાની હકીકત અંગે સાબીતીનો બોજો આરોપીના શીર ઉપર રહે છે અને હાલના કેસમાં આરોપી તર્ફે તેવા બોજાનું કોઈ વહન કરવામાં આવ્યું નથી. હાલના કેસમાં આરોપીએ વાદગ્રસ્ત ચેક અંગે જે બચાવો રજુ કર્યા છે તે સંભવીત બચાવો જણાતા નથી. તે સંજોગોમાં હાલના કેસમાં આરોપીને નિર્દોષ ઠરાવવા માટે અન્ય કોઈ વ્યાજબી કારણો જણાય આવતા નથી. હાલના કેસમાં ''એકટ'' ની કલમ ૧૩૯ અન્વયેના અનુમાનનું ખંડન થાય તેવો કોઈપણ પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં બચાવ પક્ષ સદંતર નિષ્ફળ નીવડયો છે એટલું જ નહીં પરંતુ વાદગ્રસ્ત ચેક સંબંધે આરોપીનું ફરીયાદી ઉપર કોઈ કાયદેસરનું દેવું કે જવાબદારી હતાં જ નહીં કે વાદગ્રસ્ત ચેક કોઈપણ જાતના અવેજ વિનાનો હતો તેવા કોઈ સંજોગો પણ રેકર્ડ ઉપર લાવવામાં બચાવ પક્ષ સદંતર નીષ્ફળ નીવડયો છે. નામદાર સર્વોચ્ચ અદાલતે ઉપર **રંગપ્પાના ચુકાદા**માં જણાવ્યું છે કે, ''એકટ'' ની કલમ ૧૩૯ અન્વયેના અનુમાનું ખંડન કરવા માટે આરોપીએ શું હકીકતો પ્રસ્થાપિત કરવી જોઈએ તે દરેક કેસના સંજોગો અનુસાર અલગ અલગ હોય શકે પરંતુ આરોપીએ કરેલા બુધ્ધીગમ્ય ખુલાસા માત્રથી તેવા અનુમાનનું ખંડન થયાનું માની શકાય નહીં અને આરોપીએ ખંડનાત્મક પુરાવામાં માત્ર બુધ્ધી ગમ્ય ખુલાસા રજુ કરવાના હોતા નથી અને તેનાથી કાંઈક વિશેષ કરવાનું રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો ખંડનાત્મક પુરાવા ધ્વારા રજુ કરવામાં આવેલો બચાવ સંભાવ્ય હોવો જોઈએ અને કોર્ટ ધ્વારા સ્વીકારી શકાય તેવો હોવો જોઈએ. હાલના કીસ્સામાં આરોપી તર્ફે જે ઉપર જણાવ્યા મુજબનો બચાવ લેવામાં આવ્યો છે તે સંભાવ્ય બચાવ જણાતો નથી પરંતુ માત્ર બુધ્ધીગમ્ય ખુલાસાઓ જણાય છે અને તેવા

બુધ્ધી ગમ્ય ખુલાસાને સંભાવ્ય બચાવ તરીકે સ્વીકારી શકાય તેમ નથી. ઉપર ચર્ચા કરી તે મુજબ **<u>રંગપ્પાના જજમેન્ટમાં</u>** નામદાર સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટપણે ઠરાવ્યું છે કે, જયારે ચેક આરોપીના બેન્ક ખાતાનો હોય અને તેની ઉપર આરોપીની સહી હોય ત્યારે ''એકટ'' ની કલમ ૧૩૯ અન્વયે તે ચેક કાયદેસરના દેવાં કે જવાબદારી પેટે અદા કરવામાં આવ્યો હોવાની હકીકતનું અનુમાન કરવાનું રહે છે. જે અનુમાનનું ખંડન કરવામાં આરોપી સદંતર નિષ્ફળ નીવડયા છે. આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલા તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરતાં પણ તેવા અનુમાનનું ખંડન થયાની હકીકત પ્રસ્થાપિત થતી નથી.

સબબ ''એકટ'' ની કલમ ૧૩૯ અન્વયે વાદગ્રસ્ત ચેક કાયદેસર રીતે અમલને પાત્ર થઈ શકે તેવા દેવા કે જવાબદારી અંગે જ આરોપી તરફથી ફરીયાદીને આપવામાં આવ્યો હોવાની હકીકતનું અનુમાન હાલના કેસમાં અકબંધ રહયુ છે અને તેનું કોઈ ખંડન કરવામાં આવ્યું નથી તેમ ઠરાવી મુદ્દા નંબર : ૧ નો જવાબ હકારાત્મક આપવામાં આવે છે.

(૧૯).. ઉપર મુદ્દા નં. ૧ માં ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો નિ:શકપણે પુરવાર કરી શકેલ હોવાથી આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવું છું અને બંને પક્ષે સજા અંગે સાંભળવા પર મુલતવી.

તારીખ: ૧૭/૦૬/૨૦૨૬.
સ્થળ : વાલીયા

(આદીલનવાજ.મો.શફી.સોની)
પ્રિન્સીપાલ સિવીલ જજ અને જયુડી.
મેજી, વાલીયા
કોડ નં–જીજે.૦૧૬૩૬

ફરીયાદીના વિ.વ.શ્રીને સાંભળ્યા, આરોપીના વકીલ શ્રી ને સાંભળ્યા

(૨૦).. આરોપી તરફે પોકાર કરતા આરોપી વકીલ શ્રી હાજર છે અને જણાવેલ છે કે આરોપી બાલ બચ્ચા વાળા છે અને ઘરની જવાબદારી આ કામના આરોપીની છે. આરોપીને ઓછામા ઓછી સજા કરવા અરજ કરેલ છે.

ફરીયાદી તરફે વિ.વ.શ્રીની એવી રજુઆત છે કે હાલના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. ચેકો રીટર્ન થવાના કિસ્સા વધી રહેલ છે. આરોપી હાથ ઉછીની રકમ મેળવી ચેકો દેવાની ટેવવાળા છે. સમાજમાં દાખલો બેસાડવો જરૂરી બની જાય છે. જેથી આરોપીને કાયદા મુજબની મહતમ સજા કરવી જોઈએ અને વળતર અપાવવો જોઈએ.

(૨૧).. આ કામે આરોપીએ ફરીયાદી પાસેથી લોન મેળવી પોતાની સહીવાળો ચેક ફરીયાદીને આપેલ છે જે ચેક ''**ફંડસ ઈનસફીસીયન્ટ**''ના શેરાથી વગર સ્વીકારચે પરત ફરેલ છે. નોટીસ આપ્યા બાદ પણ નાણા પરત કરેલ નથી. લાંબો સમય કેસ ચાલતા દરમ્યાન પણ કોઈ રકમ પરત કરેલ નથી.

કાયદા પાછળનો હેતુ તથા આરોપીની વર્તણુક લક્ષમાં રાખતા, આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે, લોકોનું બેન્કીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસ પણે સજા કરવી જોઈએ તેમ આ અદાલતનું માનવું છે.કારણકે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદો ઘડવા પાછળનો લેજીસ્લેચરનો ઈરાદો કાયદાને અસરકારક બનાવવાની મુખ્ય ફરજો અદાલતોની છે અને જો તે મુજબ ન કરવામાં આવે તો લોકોનું બેંકીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ઉઠી જશે, લોકો ચેકોનો બેફામ દુરઉપયોગ કરતાં અચકાશે નહી જેના કારણે ભારતીય અર્થતંત્ર કે જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકસાન થાય તેમ છે.

(૨૨).. હાલના કેસની હકકીતો અને સંજોગો લક્ષમાં લઈએ તો, આરોપી પોતે ઠરેલ વ્યકિત છે. લીધેલ રકમ સામે ચેક આપવાની ગંભીરતા તેમને ખ્યાલ હોવી જોઈએ. ખોટા બચાવ લઈ સમય ખેચ્યા બાદ કેસ ચાલતા દરમ્યાન પણ આરોપી તરફે ફરીયાદીને ચેકની રકમ ચૂકવવામાં આવેલ નથી. બેલેન્સ ન હોવા છતા ખોટા ચેકો આપવા આરોપી ટેવાયેલાનુ જણાય છે.

આમ આરોપીની દાનત, રકમ ફરીયાદીને પરત નહીં આપવાનું જણાય છે. આરોપીની વર્તણૂક લક્ષે રાખી, તેને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય જણાતો નથી. તે ઉપરાંત આ અદાલતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ ૧૩૮ માં જણાવેલ સજાની જોગવાઈઓ પણ લક્ષે લીધેલ છે.

`**138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.** — Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, ***be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both:***

ફરીયાદી તરફે વળતરની રજુઆત લક્ષે લીધી. આ અદાલતે **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭(૧) જી.એલ.એચ.પાના નં.૨૨૫ શંકરલાલ એન્ડ પરમાર વિરૂઘ્ધ દિનેશ બાબુલાલ બોરીચા**વાળા વિગેરેના ચૂકાદાની હકીકતો લક્ષમાં લીધેલ છે, જેમાં સજા કરતી

વખતે દંડ ચૂકવવાનો આદેશ દૂર કરેલ હતો, પરંતુ વળતર ચૂકવવાનો આદેશ યથાવત રાખવામાં આવેલ હતો તે ચૂકાદા અનુસાર આરોપીને દંડ અને વળતર ચૂકવવાનો હુકમ એક સાથે ન કરી શકાય, તે હકીકત આ અદાલતે લક્ષે લીધેલ છે. વધુમા, **નામદાર કેરાલા હાઈકોર્ટનો એમ.વી. નલીન કહાન વિરૂધ્ધ એમ. મેશન, ૨૦૦૯ ક્રિમીનલ લો જનરલ પાના નંબર–૧૭૦૩** નો ચુકાદા મુજબ આરોપીને પ્રોબેશન ઓફ એફેન્ડર્સ એકટ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવો ન્યાયોચીત જણાતો નથી અને તેથી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા આંક–૦૬ વાળો ચેક આપેલ હોવાની ફલીત થતી હકીકત ધ્યાને રાખી તથા **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૪(૨) જી.એલ.એચ. પાના નંબર–૨૯, આર.સી. મહેતા વિરૂધ્ધ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની લી.**ના ચુકાદામાં જણાવેલ હકીકતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ કરવાનો ધારાસભાના આશય ધ્યાને રાખી તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯(૨) અને ૩૫૩(૭) મુજબ આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવે છે અને તે જોગવાઈ ધ્યાને લઈને આ અદાલત મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો ''**આખરી હુકમ**'' કરે છે.

<u>–:: આ ખ રી હુ ક મ ::–</u>

૧).. **ફોજદારી કેસ નંબર ૬૯૧/૨૦૨૩** ના કામના આરોપી જુબેર અહમદ સઈદ લુલાત,રહે: લુલાત ફળીયુ,મુ.કાપોદ્રા,તા–અંકલેશ્વર,જી–ભરૂચ નાઓને **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૩૮** મુજબના સજાને પાત્ર ગુન્હામાં **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨)** અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સદર ગુનામાં આરોપીને **એક(૧)** વર્ષની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

૨).. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭(૩) મુજબ ફરીયાદવાળા ચેકની રકમ આરોપીએ ફરીયાદીને વળતર પેટે હુકમની તારીખથી એક માસની અંદર ચુકવી આપવી. જો આરોપી વળતરની રકમ એક માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સજા કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.

૩).. આ કામના આરોપીએ જો અગાઉ સજા ભોગવેલ હોય તો**, સી. આર. પી. સી. ની કલમ–૪૨૮** મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

૪).. હુકમની ખરી નકલ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩(૧) અન્વયે આરોપીને તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

આ હુકમ આજરોજ તારીખ : ૧૭, માંહે, જુન, સને : ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૭/૦૬/૨૦૨૬.
સ્થળ : વાલીયા

(આદીલનવાજ.મો.શફી.સોની)
જ્યુડી. મેજી.ફસ્ટ કલાસ,વાલીયા.
કોડ નં–જીજે.૦૧૬૩૬